# જાગૃતિ સંદેશ

# JAGRUTI SANDESH

Price : 5/-
Total Page : 32 Monthly

Vol 19 Issue No. 12 - Mumbai DECEMBER-2019

પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર


## ૨૫મો સમુહ લગ્નોત્સવ















**INTERNATIONAL** ◀ **Also Explore** ▶ **DOMESTIC**

| | | |
|---|---|---|
| Srilanka | 06 Nights | 35,999/- PP |
| Dubai | 05 Nights | 41,999/- PP |
| Singapore | 03 Nights | 44,444/- PP |
| Croatia | 05 Nights | 71,999/- PP |

EMI Option Available

| | | |
|---|---|---|
| Kerala | 06 Nights | 31,999/- PP |
| Andaman | 06 Nights | 34,999/- PP |
| Mysore Ooty Coorg | 07 Nights | 38,399/- PP |
| Meghalaya Assam | 11 Nights | 72,500/- PP |

CLASSIC HOLIDAYS

VISA SERVICES

Call US
**022 - 4088 8888**
**RAHUL DOSHI - 99309 44453**
**BRIJESH PAREKH - 998 772 0222**



**Our Offices : Opera House | Kalbadevi | Borivali | Andheri | Ahmedabad | Surat | Delhi**

Advt

## જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

## જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, ગરવારે પૉલિસ્ટરની નજીક, એક્સિસ બૅન્કની ઉપર વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭.

ફોન: ૦૨૨-૬૬૯૭૩૦૩૮/૦૨૨-૬૬૯૫૬૬૯૯

Website: www.jainjagruti.com

E-mail: admin@jainjagruti.com
editor@jainjagruti.com

માનદ્ તંત્રી : શ્રી ચંદ્રકાંત એફ. શાહ



**કૅબિનેટ કમિટી ૨૦૧૮-૨૦૧૯**

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી સંજય બી. શાહ |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી રમેશભાઈ જે. મોરબિયા |
| વાઈસ ચૅરમૅન | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| | શ્રી પ્રવીણ એ. શાહ |
| સેક્રેટરી જનરલ | : શ્રી કિશોર એસ. શેઠ |
| સેક્રેટરી | : શ્રી જયંતીલાલ કે. છાડવા |
| | શ્રી ઉદય ડી. સંઘવી |
| | શ્રી અનિલ જી. દોશી |
| | શ્રી વિજય એચ. મહેતા |
| ડેવલપમેંટ સેક્રેટરી | : શ્રી સુનીલ પી. શાહ |
| ખજાનચી | : શ્રી રાજેશ સી. ગાંધી |
| | શ્રી રાજેશ આર. ભણસાલી |
| તંત્રી | : શ્રી ચંદ્રકાંત એફ. શાહ |

**જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી**

| | |
|---|---|
| ચૅરમૅન / કાયમી ટ્રસ્ટી | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન/અનુદાન ટ્રસ્ટી | : શ્રી કિશોર એન. શાહ |
| વાઈસ ચૅરમૅન / ટ્રસ્ટી | : શ્રી રમેશ જે. મોરબિયા |
| વાઈસ ચૅરમૅન / કાયમી ટ્રસ્ટી | : શ્રી સંજય બી. શાહ |
| સેક્રેટરી / ટ્રસ્ટી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| સેક્રેટરી / ટ્રસ્ટી | : શ્રી અમિત ડી. કોઠારી |
| ખજાનચી / ટ્રસ્ટી | : શ્રી હસમુખ કે. દેઢિયા |

(અનુદાન ટ્રસ્ટી)

શ્રી પ્રવીણ જી. શાહ, શ્રી કમલેશ સી. શાહ

કાયમી ટ્રસ્ટી : શ્રી હર્ષદ જે. ગાંધી

(ટ્રસ્ટીઓ)

| | |
|---|---|
| શ્રી અનિલ જી. દોશી | શ્રી શૈલેશ ડી. શાહ |
| શ્રી કિશોર એસ. શેઠ | શ્રી રાજેશ આર. ભણસાલી |
| શ્રી રાજેશ સી. ગાંધી | શ્રી ધર્મેશ એસ. જૈન |
| શ્રી જયંતી કે. છાડવા | શ્રી ચંદ્રકાંત એફ. શાહ |

આમંત્રિત

| | |
|---|---|
| શ્રી દિનેશ વ્હી. શાહ | શ્રી કીર્તિ કે. શાહ |
| શ્રી કિરણ એચ. શાહ | શ્રી મુકેશ સી. શાહ |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી મહેંદ્ર પી. શાહ |
| શ્રી ઉદય ડી. સંઘવી | શ્રી રમેશ જી. લાખાણી |

**પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.**


**છૂટક મૂલ્ય રૂા.૫/- વાર્ષિક લવાજમ રૂા.૫૦/-**

## Message From The CHAIRMAN.....



મારા સ્નેહાળ

જય જિનેન્દ્ર,

જીવનસાથી સાથેનો સંબંધ જ માત્ર એક એવો સંબંધ છે જે ઈશ્વરે આપણને આપણી પસંદગીથી આપ્યો છે. બાકી મા-બાપ, ભાઈ-બહેન, કાકા-કાકી વગેરે કોઈપણ સંબંધ કોઈને પોતાની પસંદગીથી નથી મળતા. ઈશ્વરે જે આપણને આપ્યાં છે એને એમ ને એમ જ સ્વીકારવા પડે છે, પણ જીવનસાથી માટે આપણને પસંદગી આપી છે.

જીવનસાથીની પસંદગી કરવી એ ઘણું જ મહત્વનું કાર્ય છે. કારણ કે એમાં આપણી આખી જીવન યાત્રાનો સવાલ હોય છે અને જો સારું પાત્ર પસંદ કરીએ તો જ આપણું જીવન સરળ અને સહજ બને. જીવનસાથીની પસંદગી વખતે એવા પાત્રને પસંદ કરવો જોઈએ કે જે તમારી હેરસ્ટાઈલ વિશે નહિ પણ લાઈફ સ્ટાઈલ વિશે પૂછે, જે તમારા શોખ નહિ પણ સંસ્કાર વિશે પૂછે. કારણ કે

ઘરમાં એક કાર, બે કાર કે ચાર કાર હોય,
પણ સંસ્કાર ન હોય તો સર્વ કાર બેકાર છે અને
ખોટા પાત્રની પસંદગી થઈ ગઈ તો જીવન પણ બેકાર છે.

પહેલાનાં જમાનામાં પસંદગી વખતે નામ-ઠામ, ગામ અને ખાનદાન વિશે પૂછાતું અને હવે?? હાઈટ, એજ્યુકેશન, ધન અને વાહન માટે પૂછવામાં આવે છે. એમાં પણ સૌથી દુઃખની વાત તો ત્યાં છે કે આજની યુવા પેઢીની પસંદગી ''હાઈટ'' અને ''વ્હાઈટ''ના જંગલમાં અટવાઈ ગઈ છે!!! જ્યાં પસંદગીના માપદંડ માત્ર ''વ્હાઈટ અને હાઈટ'' જ હોય પછી જીવનમાં ડગલે ને પગલે ''ફાઈટ'' થાય અને દિમાગ હંમેશા ''ટાઈટ'' રહે એમાં નવાઈ શું ખરેખર તો પાત્રનું રૂપ નહિ પણ હૃદય અને સ્વભાવ જોવા જોઈએ. જો સ્વભાવ સારો હશે તો જ સંસાર રથ સહેલાઈથી ચાલી શકશે.

લગ્ન પછીના સાંસારિક જીવનમાં પતિ-પત્ની જ એકબીજાનો આધાર, એકબીજાના પૂરક અને જરૂરિયાત હોય છે. લગ્ન એટલે આજીવન જીવનસાથી તરીકે સાથ નિભાવવાનું અતૂટ બંધન. આ બંધન ત્યારે જ અતૂટ રહી શકે જ્યારે બંને એકબીજાનાં સૂરમાં સૂર મેળવી, તાલથી તાલ મેળવી, કદમથી કદમ મિલાવી, આદર આપીને કદર કરે. એકબીજાને સમજવાની, સમજાવવાની, સંભાળવાની અને સાંભળવાની કોશિશ કરે. આ બંધનમાં નિકટતા અને ઘનિષ્ટતા હોય તો જ તે મજબૂત થશે. કારણ કે પતિ-પત્ની એ એકબીજાના સાથીદાર હોય છે. જેઓ એકબીજાના સ્પર્ધક નહિ પણ સહયોગી હોવા જોઈએ. એકબીજાના હરીફ નહિ પણ હિતેચ્છુ હોવા જોઈએ.

જીવનસાથી સાથે એટલી આત્મીયતા હોવી જોઈએ છે કે જ્યાં આપણે આપણું હૈયું ઠાલવી શકીએ. જે દર્દમાં પણ સાથી બની ઉભા રહે, અને આપણા ચહેરા પર સ્મિત લાવી જીવનને આનંદ અને ખુશીથી ભરી દે. જીવન છે!! ઉતાર અને ચડાવ તો આવ્યા કરે... આંસુ અને સ્મિતની ઈટ્ટા-કિટ્ટા ચાલ્યા કરે... પણ જીવનસાથી જો આપણને સમજનાર હોય તો જીવન સ્વર્ગ જેવું બની જાય. અહિં મને શ્રી શ્રી રવિશંકરની એક શીખ યાદ આવે છે. જે આપણે યાદ રાખવા જેવી છે કે ''સુખી થવાં નહિ પણ સુખી કરવાં પરણો. બીજાને સુખી કરવામાં જ સાચું સુખ સમાયેલું છે.'' અને આ જ તો આપણી ભારતીય સંસ્કૃતિ છે. લગ્નની ફતેહ યોગ્ય વ્યક્તિ શોધવામાં નહિ પણ યોગ્ય વ્યક્તિ થવામાં રહેલી છે.દામ્પત્ય જીવનની સફળતા માટે એકબીજા માટે પ્રેમ અને હૂંફ ખૂબ જ મહત્વના છે. જીવનની નૈયાને શાંતિથી પ્રેમથી પાર લઈ જવા માટે થોડો સમય એકબીજાને આપવો જોઈએ. સાથી સાથે વિતાવેલી પ્રેમભરી ક્ષણો આખા દિવસનો થાક ઉતારી દે છે, સુખ-દુઃખની વાતોની વ્હેંચણી કરવાથી મનનો ભાર હળવો થઈ જાય છે. ખરેખર તો એકબીજાને હંમેશા સાથ આપવાની ભાવના વાળો સાથી જ સફળ જીવનસાથી ગણાય છે.

છેલ્લાં ૨૪ વર્ષથી આયોજીત થતા સેન્ટ્રલ બોર્ડના આ સમુહ લગ્નમાં જેજેસીનાં મુંબઈનાં બધાં સેન્ટર્સ યથાશક્તિ યોગ્ય રીતે સહયોગ આપે છે. ઘરમાં ઊજવાતાં પ્રસંગ જેવો માહોલ હોય છે. ૨૧-૨૧ વરરાજાનો વરઘોડો મુંબઈના રાજમાર્ગ પરથી પસાર થાય ત્યારે જેજેસીનો સદ્ભાવ અને હૃદયની લાગણી ઊપસી આવે છે.

૧૮-૧૮ યુગલો લગ્નવેદીમાં બંધાઈ પ્રેમાનંદની પાવન ભૂમિમાં પગરણ માંડી તેમના પરિવારને રળિયામણું બનાવે તેવી અંતરના ઉમંગથી હું શુભેચ્છા પાઠવું છું.

સમયની લસરપટ્ટીમાં મારા ચેરમેન પદ ગ્રહણના ચાર વર્ષ પણ આ ડિસેમ્બર માસમાં પુર્ણ થશે. જાગૃતિ સંદેશ અંક આપણી જોડે આવશે તે મારા લખાણનો છેલ્લો અંક છે. જે કોઈ જેજેસી સેન્ટર સેન્ટ્રલ બોર્ડ તથા ચૅરિટેબલ ટ્રસ્ટના સર્વ પદાધિકારીઓ તથા ભારતભરના ૧૭૨ સેન્ટર તથા ૬૫૦૦૦ સભ્યોને મારાથી કોઈ લખાણ કે અપશબ્દ બોલાઈ ગયો હોય તો તેના માટે સર્વને મિચ્છિમિ દુક્કડમ્ કરું છું. સાથે સાથે ૨૦૨૦માં જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડના નવા ચેરમેન તથા નવી કમિટીની નિમણુક થશે તેને **Advance**માં **Best of Luck** કહું છું.

*લિ. સંજય બી. શાહ*

*ચૅરમૅન: જે.જે.સી. - સેન્ટ્રલ બોર્ડ*

# મનોરંજનની અટારીએથી

| જે.જે.સી. | | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|---|
| ● જેજેસી અમૃતનગર | : | ૧૩-૧૧-૧૯ | હેલ્લારો - ફિલ્મ | ✦ |
| | : | ૧૬-૧૧-૧૯ | બબૂચક બબીતા- નાટક | ✦ |
| | : | ૨૪-૧૧-૧૯ | મ્યુઝીકલ હાઉઝી - અંતાક્ષરી | ✦ |
| ● જેજેસી બોરીવલી | : | ૧૩-૧૧-૧૯ | મોજીલો ડાયરો - ગુજરાતી ગીત - સંગીત | ★ |
| ● જેજેસી ચેમ્બુર | : | ૨૫-૧૧-૧૯ | કરસનદાસ કોમેડીવાળા - નાટક | ★ |
| ● જેજેસી કાંદિવલી | : | ૫-૬/૧૧-૧૯ | પધારો મારા દેશ - ઑર્કેસ્ટ્રા | ★ |
| | : | ૧૭-૧૧-૧૯ | દિવાળી ગેટ ટુ ગેધર | ★ |
| ● જેજેસી મલાડ | : | ૧૪-૧૧-૧૯ | નોકરાણી - નાટક | ★ |
| ● જેજેસી નોર્થ વેસ્ટ | : | ૧૨-૧૧-૧૯ | નોકરાણી - નાટક | ◈ |
| ● જેજેસી નોર્થ ઈસ્ટ | : | ૨૧-૧૧-૧૯ | નોકરાણી - નાટક | ◈ |
| ● જેજેસી વસઈ | : | ૭-૧૧-૧૯ | સમેત શિખરજી મહાયાત્રા | ★ |
| ● જેજેસી પેડર રોડ | : | ૯-૧૧-૧૯ | જાણતા અજાણતા - નાટક | ◈ |
| ● જેજેસી મુંબઈ | : | ૧૩-૧૧-૧૯ | નોકરાણી - નાટક | ◈ |
| | : | ૨૮-૧૧-૧૯ | ઓલ ધ બેસ્ટ - નાટક | ◈ |
| ● જેજેસી મુલુંડ | : | ૭-૧૧-૧૯ | Amit Jadav AJ - ઑર્કેસ્ટ્રા | ◈ |
| ● જેજેસી ભાંડુપ વિક્રોલી | : | ૩૦-૧૧-૧૯ | કરસનદાસ કોમેડીવાળા - નાટક | ◈ |
| ● જેજેસી બિચ સાઈડ | : | ૨૨-૧૦-૧૯ | મૌસમ છલકે - ઑર્કેસ્ટ્રા | ★ |
| ● જેજેસી દહિસર | : | ૧૬-૧૧-૧૯ | શાહબુદ્દિન રાઠોડ - હાસ્ય દરબાર | ✦ |
| ● જેજેસી વાપી | : | ૨૫-૧૧-૧૯ | નોકરાણી - નાટક | ★ |
| ● જેજેસી રજવાડી | : | ૭-૧૧-૧૯ | મૌસમ છલકે - ઑર્કેસ્ટ્રા | ★ |
| | : | ૧૨-૧૧-૧૯ | હેલ્લારો - ફિલ્મ | ✦ |
| | : | ૨૦-૧૧-૧૯ | બ્લોક માસ્ટર ગજુજુભાઈ - નાટક | ◈ |
| ● જેજેસી જુહુ | : | ૪-૧૧-૧૯ | ગજ્જુભાઈ બ્લફમાસ્ટર -નાટક | ◈ |
| | : | ૬-૧૧-૧૯ | સાંડ કી આંખ - ફિલ્મ | ◈ |
| | : | ૧૨-૧૧-૧૯ | બાલા - ફિલ્મ | ◈ |
| | : | ૧૪-૧૧-૧૯ | હેલ્લારો - ફિલ્મ | ◈ |
| | : | ૧૬-૧૧-૧૯ | ડંખ - નાટક | ◈ |
| | : | ૨૪-૧૧-૧૯ | નોકરાણી - નાટક | ◈ |

સંજ્ઞા : જમણ સાથે ★ જમણ વિના ◈ નાસ્તો ✦


**દરેક સેન્ટરના પ્રમુખ તથા સેક્રેટરીને આથી જાણ કરવામાં આવે છે કે દરેક કાર્યક્રમ પત્યા પછી તુરંત જ સર્ક્યુલર તથા ઈ-મેઈલ સેન્ટ્રલ બૉર્ડની ઑફિસમાં પહોંચાડવામાં આવશે તો જ ત્યાર પછીના ઈસ્યૂમાં છાપવામાં આવશે.**

**જૈન જાગૃતિ સેન્ટર તથા જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટના દ્વારા નીચેનાં પદાધિકારી તથા સર્વે સેન્ટરોના સેન્ટ્રલ બોર્ડના જન્મદિવસ નિમિત્તે ચૅરમૅન હાર્દિક શુભેચ્છા પાઠવે છે**

## JANUARY CHARTER DATE

| Sr. No. | Name Of Centre | Charter Date | President | Mobile No | Secretary | Mobile No. |
|---|---|---|---|---|---|---|
| 1 | Juhu Beach | 01-01-1992 | Haresh Parekh | 9820302760 | Kirti Shah | 9323041653 |
| 2 | North West | 06-01-2012 | Parag Shah | 9324911111 | Bharat Kamdar | 9322273784 |
| 3 | Royale Jagdusha | 06-01-2013 | Jethalal Dedhia | 9821070219 | Mitesh Ambavi | 9324027366 |
| 4 | Netrang | 08-01-2012 | Deepak Gandhi | 9427158600 | Hetal Patva | 9913229151 |
| 5 | Satna | 11-01-2009 | Jayesh Parekh | 9827067168 | Atul Vora | 9425173536 |
| 6 | Veraval | 11-01-2014 | Uday Shah | 7567939393 | Jayprakash Bhavsar | 9427388242 |
| 7 | Mira Bhayander | 14-01-2018 | Geeta Jain | 28198888 | Narendra Gandhi | 9820076460 |
| 8 | Malad | 16-01-1993 | Mahendra Panchamiya | 9892362629 | Virendra Damani | 9820278036 |
| 9 | Amrutnagar | 18-01-1996 | Anil Doshi | 9324081810 | Chetan Chabhadia | 9819079998 |
| 10 | Rajkot Main | 19-01-1996 | Divyesh Doshi | 8866770031 | Divyesh Bavishi | 9426996425 |
| 11 | North East | 20-01-2002 | Nitin Sanghavi | 9821557000 | Ramesh Morbia | 9869051492 |
| 12 | Nerul | 20-01-2013 | Uttin Lodaya | 9867315913 | Sharad Shah | 9370203070 |
| 13 | Kandivali | 24-01-1990 | Sanjay Shah | 9821050169 | Jagdish Vora | 9821879335 |
| 14 | Borivali | 27-01-2005 | Manikant Kothari | 9324686519 | Praful Kamdar | 9820038664 |
| 15 | Dahisar | 27-01-1996 | Chandrakant Shah | 9322990772 | Nitin Shah | 9321134859 |
| 16 | Limbdi | 30-01-1994 | Hemendra Shah | 9825224491 | Pravin Champaneri | 9427215865 |
| 17 | Mahuva | 30-01-2000 | Haresh Doshi | 9825491772 | Paras Pattani | 9825006406 |

### JJC CENTRAL BOARD



**Name** : Praful V. Kamdar

**Marrige Date** : 10-01-1983

**Mobile No.** : 9820038664

**Email ID** : prafulkamdar2007@yahoo.co.in

### JAIN JAGRUTI CENTRE CENTRAL BOARD CHARITABLE TRUST



**Name** : Kiran H. Shah

**Date of Birth** : 17-01-1946

**Mobile No.** : 9820024491

**Email ID** : shivs8@gmail.com

**૨૫ માં સમૂહ લગ્નના સમારોહ પ્રસંગે યુવા બેલડીઓને**

# જૈન જાગૃતી સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ

**તરફથી અપાતી ભેટની યાદી**

**શુભલગ્ન, રવિવાર, તા. ૧૫.૧૨.૨૦૧૯**

| સોના ચાંદીની આઇટમો | | | | અન્ય આઇટમો | |
|---|---|---|---|---|---|
| ૧. | મંગળસૂત્ર | ૧૫. | લૂવો (લોયો) | ૧. | ઢોસા માટેનો તવો |
| ૨. | કંકાવટી | ૧૬. | ખમણી | ૨. | પ્રેશર કુકર |
| ૩ | નવકારવાળી | ૧૭. | ઝારો (તળવા માટે) | ૩. | ઇસ્ત્રી |
| કપડાની આઇટમો | | ૧૮. | સાણસી | ૪. | બ્લેન્ડર |
| ૧. | ઘરચોળુ | ૧૯. | તવેથો | ૫. | મિક્ષર |
| ૨. | પાનેતર | ૨૦. | ભાતિયો | ૬. | વોલ ક્લોક |
| ૩. | સેલું | ૨૧. | છાશની માટે જેરણી | ૭. | સૂટકેસ |
| ૪. | સાડી સેટ | ૨૨. | છાશનો ડોયો | ૮. | |
| ૫. | જેન્ટ્સ-લેડીઝ ટુવાલ | ૨૩. | દાળ માટેનો ચમચા | ૯. | |
| ૬. | જેન્ટસ હાથ રૂમાલ | ૨૪. | ચાની ગરણી | ૧૦. | |
| ૭. | લેડીઝ હાથ રૂમાલ | ૨૫. | શાક માટેનો ચમચા | | |
| ૮. | હાથ લુછવાના નેપકિન | ૨૬. | ચિપીયા | | |
| ૯. | બેડશીટ | ૨૭. | પોઆ માટે ઝારો | | |
| ૧૦. | ગરમ શાલ | ૨૮. | છાશ માટેની લોટી | | |
| સ્ટીલની આઇટમો | | ૨૯. | સ્ટીલની બરણી | | |
| ૧. | મા માટલાની સ્ટીલની કોઠી | ૩૦. | ચમચા પટ્ટી | | |
| ૨. | મોટી બાલદી (સ્ટીલ) | ૩૧. | ચમચી રાખવાનું સ્ટેંડ | | |
| ૩. | ડીનર સેટ ( થાળી, વાટકી ) | ૩૨. | દિવી | | |
| | ગ્લાસ,ચમચી, હલવા પ્લેટ | ૩૩. | લોટો | | |
| ૪. | ટોપ-છીબો સેટ | ૩૪. | પાણીનો ડોયો | | |
| ૫. | સાકરનો ડબ્બા | ૩૫. | ચીઝ ખમણી | | |
| ૬. | ચા-પત્તી માટેનો ડબ્બો | ૩૬. | પીલર | | |
| ૭. | ગોળ માટેનો ડબ્બો | ૩૭. | કોપર બ્રાસની કઢાઇ | | |
| ૮. | મસાલા માટેનો ડબ્બો | ૩૮. | સ્ટીલનું ટિફીન | | |
| ૯. | અથાણા માટેનો ડબ્બો | ૩૯. | ચકલો (રોટલી વણવા માટે) | | |
| ૧૦. | પાપડ રાખવા માટેનો ડબ્બો | ૪૦. | હરવારો | | |
| ૧૧. | થેપલા માટેનો સ્ટીલનો ડબ્બો | ૪૧. | મુખવાસની ડબ્બી-૨ સેટ | | |
| ૧૨. | તેલ માટેની બરણી | ૪૨. | માખન છરી | | |
| ૧૩. | (ઘુત)ઘી માટેની કૂપડી | ૪૩ | પાણીનો જગ | | |
| ૧૪. | સ્ટીલનો ત્રાસ | ૪૪. | ઇટલી,ઢોકલા,હાંડવાનો કુકર | | |

| લેડીઝ મેકઅપ માટેની આઇટમો | | લગ્ન માટેની સામગ્રી | |
|---|---|---|---|
| ૧. | અરીસો | ૧. | બાજોઠ |
| ૨. | દાતિયો | ૨. | સૂપડૂ |
| ૩. | મેકઅપ બોક્સ | ૩. | મીંઢોળ |
| ૪. | નેઇલ પોલીશ | ૪. | રાગણ દીવડા |
| ૫. | લિપસ્ટિક | ૫. | વરમાળા |
| ૬. | નેઇલ પોલીશ રીમુવર | ૬. | કળશ |
| ૭. | કાજલ સ્ટીક | ૭. | માણેક સ્તંભ |
| ૮. | ચાંદલાના પેકેટ | ૮. | સોપારી (શણગારેલી) |
| ૯. | પરફ્યુમ બોટલ | ૯. | પોંખણા' |
| ૧૦. | હેઅર ક્લિપ | ૧૦. | મોડિયા |
| ૧૧. | હેઅર પીન | ૧૧ | વેલણ |
| ૧૨. | સેપ્ટીપીન | ૧૧. | મા–માટલાના લાડવા |
| ૧૩. | હેન્ડ બ્રેસલેટ | | |
| ૧૪. | હેઅર રબ્બર બેન્ડ | | |
| ૧૫. | હેન્ડ મીરર | | |

૧. કન્યા પક્ષે લગ્નના દિવસે બપોરના ૩.૦૦ વાગે લગ્નના સ્થળે પહોંચી જવું.

૨. મા–માટલાના લાડવા લગ્નના દિવસે સ્થળ ઉપર જ આપવામાં આવશે.

૩. **વર પક્ષે લાવવાની સામગ્રી**
ખેસ, ચૂંદડી, મોઢ, લગ્નની પડી, પસનૂં શ્રીફળ, લીલો સાટીનનો ટુકડો અડધો મીટર, ૧/૨ કિલો મિક્સ મિઠાઇ, વરરાજાનો હાર પહેરાવીને લાવવા

૪. **કન્યા પક્ષે લાવવાની સામગ્રી**
ખેસ, ચૂંદડી, મોઢ, પસનું શ્રીફળ, ગાગર, બેડિયું, મોતીની ઇંઢોણી, કન્યાને હાર પહેરાવીને લાવવી

➢ **બન્ને પક્ષે લાવેલ વસ્તુની જાણ મહારાજને કરવી.**

૫. કરિયાવર, તા. ૭.૧૨.૨૦૧૯, સવારે ૯.૩૦ કલાકે નીચે જણાવેલ સ્થળેથી આપવામાં આવશે.
શ્રી. વિલેપાર્લે ગુજરાતી મંડળ, શ્રદ્ધાનંદ રોડ, વિલેપાર્લે (ઈસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૫૭

૨૫ માં સમૂહ લગ્નમાં ભાગ લેનાર ૧૮ બેલડીઓને ૧૭૨ સેન્ટરના ૬૫,૦૦૦ સભ્યો વતી અંતરની શુભેચ્છા.

લિ.
**જેજેસી–સેન્ટ્રલ બોર્ડ**
**જૈન જાગૃતિ સેન્ટર–સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ**
**પદાધિકારીઓ, ટ્રસ્ટીઓ તથા કાર્યવાહક કમીટીના જય જિનેન્દ્ર**

# આ તમારાં જીવનનો એક મહત્ત્વનો નિર્ણય છે

■ ચંદ્રેશ પારેખ

આ તમારાં જીવનનો એક મહત્ત્વનો નિર્ણય છે તેથી લગ્ન કરતા પહેલાં એક યોગ્ય જીવનસાથીની પસંદગી ખૂબ જ મહત્ત્વની છે. જેથી તમે એક સુખી વૈવાહિક જીવન જીવી શકો. જ્યારે જીવનસાથીને પસંદ કરવાની વાત આવે છે ત્યારે તમામ વાતો કિસ્મત પર છોડી દેવામાં આવે છે કારણ કે એવું કહેવામાં આવે છે કે જોડી ઉપરથી જ બનીને આવતી હોય છે, પરંતુ સુખી વૈવાહિક જીવન જીવવા માટે એક યોગ્ય જીવનસાથીની શોધ અત્યંત જરૂરી છે.

લગ્નની વાત થતાં જ દરેક યુવતીના ચહેરા ઉપર શરમની લાલી છવાઈ જતી હોય છે, પણ તેની સાથે સાથે તેના માટે કેવી વ્યક્તિ પરફેક્ટ જીવનસાથી બની શકશે, એની મુંઝવણ પણ વર્તાયા વિના રહેતી નથી. મિ. રાઈટ કેવો હોવો જોઈએ? અજમાવો કેટલાક માપદંડો.

દરેક યુવતીઓના મનમાં તેનાં સ્વપ્નોનો રાજકુમાર વસતો હોય છે. પરંતુ સ્વપ્નમાં અને વાસ્તવિકતામાં જમીન અને આસમાન જેટલો જ ફેર હોય છે. તમે કોઈને લાંબા સમયથી ડેટ કરી રહ્યાં હોવ અથવા લગ્ન માટે યોગ્ય પાત્રની શોધમાં હોવ ત્યારે જાણવું બહુ જરૂરી છે કે તમે લગ્ન માટે જે પાત્રની પસંદગી કરી રહ્યાં છો તે હકીકતમાં તમારા માટે યોગ્ય છે કે નહીં. લવ મેરેજ હોય કે એરેન્જ પાત્ર પસંદગી એટલી જ મહત્ત્વપૂર્ણ હોય છે. લગ્ન માટે યોગ્ય પાત્રની પસંદગી કરતા શું ધ્યાનમાં રાખવું તેના વિશે જાણીએ.

દેખાવ નહીં વ્યક્તિત્વ જુઓ આજકાલની યુવતીઓ યુવકનો દેખાવ જોઈ લગ્ન માટે હા પાડી દે છે, પરું તેનો દેખાવ જોઈ લગ્ન માટે તૈયાર ન થઈ જતાં, તેના ગુણોને પણ જાણો. તેનો સ્વભાવ કેવો છે? શું એની સાથે તમે તમારી જિંદગી વિતાવી શકશો? આ તમામ વાત જાણ્યા બાદ કોઈ નિર્ણય સુધી પહોંચો.

ફેમિલી બેકગ્રાઉન્ડ લગ્ન માટે અન્ય પાસાંઓની જેમ યુવકનું ફેમિલી બેકગ્રાઉન્ડ પણ એટલું જ મહત્ત્વનું છે. તેના પરિવારમાં કોણ કોણ છે અને દરેક વ્યક્તિનો સ્વભાવ કેવો છે તે જાણવું બહૂ જરૂરી હોય છે. તમે ભવિષ્યમાં તે પરિવાર સાથે એડજેસ્ટ કરી શકશો કે નહીં તેની સાથે સાથે પરિવારની પ્રતિષ્ઠા અને સમાજમાં તેમનું માન-સન્માન કેવું છે તે જાણવું જોઈએ.

*સારી ઈન્કમ પણ જરૂરી* : જોબ મળી જવાથી બધું સારું નથી થઈ જતું. જોબની સાથે સારી ઈન્કમ હોવી પણ એટલી જ મહત્ત્વની છે. આજના આધુનિક યુગમાં જ્યારે મોંઘવારી દિન પ્રતિદિન વધી રહી છે ત્યારે તમે જે વ્યક્તિને જીવનસાથી તરીકે પસંદ કરી રહ્યાં છો તે તમારી તમામ ઈચ્છાઓને સંતોષી શકશે કે નહીં તેની પણ વિશેષ નોંધ લેવી જોઈએ. તેની પાસે પોતાનું ઘર નહીં હોય તો લઈ પણ શકાશે, જો તેની ઈન્કમ સારી હશે તો. લવમેરેજ હોય કે અરેન્જ માત્ર પ્રેમથી પેટ નથી ભરાતું એટલે વાસ્તવિકતાને સ્વીકારી નિર્ણય લેવો જોઈએ અન્યથા અફસોસ કરવાનો જ રહેશે.

*એક ક્ષેત્ર જરૂરી નથી* : યુવતીઓ આજકાલ એવું વિચારે છે કે મારો જીવનસાથી મારી ફિલ્ડનો હોય તો વધુ સારું. અમે એકબીજાને સારી રીતે સમજી શકીએ, પરંતુ એવું જરાય નથી. એક ફિલ્ડમાં ન હોવા છતાં ઘણા લોકોનાં લગ્ન સફળ થયાં જ છે અને આજે પણ તેઓ એકસાથે બહુ પ્રેમથી જીવન વિતાવી રહ્યા છે. જીવનસાથી એક ફિલ્ડનો હોય તો જરૂરી નથી કે તમે એકબીજાને સારી રીતે સમજી શકો

જ. ઘણા કિસ્સાઓમાં પતિ-પત્ની બંને એક ફિલ્ડમાં હોય અને કોઈ એક બીજી વ્યક્તિ કરતાં વધુ પ્રગતિ કરતું હોય તો તેમના વચ્ચે અહં વધી જતાં કાયમ ઝઘડા જ થતા હોય છે અને આ ઝઘડાનું પરિણામ અંતે કોર્ટમાં આવે છે. લગ્ન માટે એક ફિલ્ડ નહીં પણ વિચારો અને આપસી સમજ એક હોવાં વધુ જરૂરી છે.

**પર્સનાલિટી અને કોન્ફિડન્સ લેવલ**

વ્યક્તિની પર્સનાલિટી અને તેનું કોન્ફિડન્સ લેવલ તેના વ્યક્તિત્વનો અરિસો હોય છે. જો તે વ્યક્તિમાં કોન્ફિડન્સનો અભાવ હશે તો તે ક્યારેય પોતે નિર્ણય નહીં લઈ શકે. આ સિવાય તે જાણવાનો પણ પ્રયાસ કરો કે ભવિષ્યમાં તમને જ્યારે કોઈ સહારાની અને સાથની જરૂર હશે તો શું તે વ્યક્તિ કોઈના દબાણમાં આવ્યા વિના તમને સાથ આપશે કે નહીં. આ બાબતની ખાસ નોંધ લેવી જોઈએ. રસના વિષયો બે વ્યક્તિ જ્યારે એકસાથે જીવન વિતાવવાનું નક્કી કરતી હોય છે ત્યારે તેમને એકબીજાના રસના વિષયો વિશે પણ જાણવું જોઈએ. એક વ્યક્તિને બહાર ફરવામાં આનંદ મળતો હોય તો એકને ઘરે રહેવાની ઈચ્છા થતી હોય. આવી પરિસ્થિતિમાં બંને વચ્ચે મતભેદ પણ ઉત્પન્ન થઈ જતા હોય છે. દરેક વ્યક્તિની રસ-રુચિ અલગ અલગ હોઈ શકે, પરંતુ એવું ન થવું જોઈએ કે એના કારણે તમારા વચ્ચે મતભેદો ઉત્પન્ન થવા લાગે. લગ્ન માટે હા પાડતાં પહેલાં જાણી લો કે તમારા રસના વિષયો કેટલી હદે મળે છે અને તેના લીધે ભવિષ્યમાં તમારી વચ્ચે કોઈ સમસ્યા તો ઊભી નહીં થાય ને.

પરિવારના રીત-રિવાજો આજકાલ ઘણા લોકો આંતરજ્ઞાતિય લગ્ન કરતા હોય છે. જો તમે પણ આંતરજ્ઞાતિય લગ્ન કરી રહ્યાં હોવ તો ખાસ ધ્યાન રાખવું કે સામેવાળા પરિવારના રીત-રિવાજો કેવા છે, કારણ કે ક્યારેક તેના લીધે પણ ઘરસંસારમાં વિવાદ થતાં હોય છે.

મિત્રો પણ છે અહં મિત્રવર્તુળ કોઈપણ વ્યક્તિના જીવનમાં અગત્યની ભૂમિકા ભજવે છે. એવું કહેવાય ચે કે સંગત એવી રંગત. આ કથન ખરેખર બહુ જ સાચું છે. જો મિત્રો સારા હશે તો તેની અસર તમારા વ્યક્તિત્વ ઉપર પણ પડશે, પરંતુ જો મિત્રોમાંથી કોઈ એક મિત્રને પણ કુટેવ હશે તો તેની અસર તમારા ઉપર થયા વગર નહીં રહે. લગ્ન માટે હા કહેતાં પહેલાં એ પણ તપાસો કે જે વ્યક્તિ સાથે તમે લગ્ન કરવાનો વિચાર કરી રહ્યા છો તેના મિત્રો કેવા છે. ઘણી વખત વ્યક્તિની ઓળખાણ તેના મિત્રો કેવા છે તેના આધારે કરવામાં આવતી હોય છે.

આગ્રહ જરૂરી દુરાગ્રહ જોખમી આ તમામ મુદ્દાઓને ધ્યાનમાં રાખવા બહુ જ જરૂરી છે, પરંતુ અંતે એટલું ચોક્કસ ધ્યાનમાં રાખવું કે કોઈ પણ વ્યક્તિ પરફેક્ટ નથી હોતી. દરેકમાં કોઈ ને કોઈ ખામી તો હોય જ છે. લગ્ન માટે હા પાડતી વખતે જ્યારે તમે તમારા યોગ્ય પાત્રના માપદંડો પર કોઈ વ્યક્તિને પારખો છો ત્યારે એ યાદ રાખજો કે તમે પણ પરફેક્ટ નથી. ઘણી વખત આપણે પાત્ર સારું હોય અને તેનામાંકોઈ એક એવી બાબત હોય જે તમને ન ગમતી હોય તો પણ ના પાડી દેતા હોઈએ છીએ. આવી પરિસ્થિતિ હોય ત્યારે વિચારો કે શું આ આદત ખરેખર એવી છે, જેની સાથે તમે એડજેસ્ટ નહીં કરી શકો. તમને નિર્ણય લેવામાં મુશ્કેલી પડતી હોય તો તમે તમારા પરિવારના વડીલોની સલાહ લઈ કોઈ નિર્ણય ઉપર આવો.

એકબીજાનું સન્માન કરતા હોય અને ભરોસો હોય તમે કોઈ એવા પુરુષ અથવા મહિલા સાથે તમારું જીવન પસાર નથી કરી શકતા, જે તમારાં અથવા તમારાં પરિવારનું સન્માન ના કરતા હોય. તેથી એવા સાથીની પસંદગી કરો, જે તમારા અને તમારાં પરિવારના સભ્યોને સંપૂર્ણ સન્માન આપે. આ સિવાય તમારાં પાર્ટનરને તમારાં ઉપર ભરોસો હોવો જોઈએ. કારણ કે વિશ્વાસ વગરનું વૈવાહિક જીવન વધારે સમય સુધી નથી ચાલી શકતું અને અંતે સંબંધોમાં કડવાશ ફેલાઈ જાય છે.

# લગ્ન બનાવે છે જવાબદાર

■ કિરણ કાણકિયા

તન્વીની મમ્મી કહે છે કે મારી દીકરી પતંગિયાની જેમ ઊડાઊડ કરતી, બેફિકરાઈથી જીવન જીવતી અને હંમેશાં પોતાનું ધાર્યું કરતી. આજે કેવી ઠાવકી, ધીરગંભીર વહુ બનીને તેના સાસરિયામાં સમાય ગઈ છે. એનું મને ભારે આશ્ચર્ય અને આનંદ થાય છે. સાચે જ, લગ્ન થતાં જ તે જવાબદાર બની ગઈ.

આમ પણ દરેક મા દીકરી મોટી થતાં તેને વાતવાતમાં જાણે-અજાણે પારકા ઘરે જવાનો ઈશારો કરતી હોય છે. પારકે ઘરે જવું પડશે એથી બધા કામ શીખવા જોઈએ. નાનપણથી કામ કરીશ તો કામનો વળોટ આવશે. નાના-મોટાં કામ સાથે પોતાના જીવનની યથાર્થતા પણ સમજાવતી રહે છે. વળી પ્રેમ-લાગણીનું સમર્પણ, સમજણ એડ્જસ્ટમેન્ટના પાઠ પણ ભણાવે છે. મા હંમેશાં ભવિષ્યની ચિંતા કરતી હોય છે કે મારી દીકરી દુઃખીન થાય. બધા સાથે હળીભળી જાય. બધાને પોતાના કરી લે અને આ જ આપણી ભારતીય સંસ્કૃતિ છે, સંસ્કાર છે.

બાળપણ, અલ્લડતા, નાદાનિયત, છોકરમત આવું બધું છોડવાની મા શિખામણ દેતી હતી ત્યારે તે ગણકારતી નહોતી અને સાસરે આવ્યા પછી સમજદાર બની ગઈ. ભલા, લગ્ન પછી એવો કયો ચમત્કાર થયો કે ગઈકાલના લાપરવા બાળકો અચાનક જવાબદાર બની ગયાં.

ભારતીય સંસ્કારો પ્રમાણે છોકરીને હંમેશાં શિખામણ અપાત્ર છે કે એક દીકરી બે કુટુંબને અજવાળે. પિયર અને સાસરું બન્નેને બરકરાર રાખવાની જવાબદારી તેની છે. સાસરામાં એવો મીઠો સંબંધ બનાવવાનો છે કે તેના મા-બાપ માટે કોઈ કવેણ ન ઉચ્ચારે. બીજું, જેની સાથે તેની પોતાની આખી જિંદગી વિતાવવાની છે તેના ઘરને વસાવવાની અને સજાવવાની જવાબદારી તેના પર આવે છે.

મનોચિકિત્સક સ્મિતા દેશપાંડે કહે છે કે લગ્ન પહેલાં મા ચિંતા કરતી હોય છે કે અહીં તો હું બધું કામ દીકરીને કહું છું, પરંતુ સાસરે જશે ત્યાં કોણ કરશે? પરંતુ લગ્ન થતાં જ તે સાસરામાં બધાં કામ કરવા લાગે છે. આનું કારણ એ છે કે લગ્ન પહેલાં તે પોતાના મા-બાપના ઘરે લાડપ્યારમાં મોટી થતી હોય છે. મા વિચારે છે કે સ્કૂલ-કૉલેજમાં થાકીપાકી આવેલી દીકરી હમણાં તો ઘરે પાછી આવી છે ત્યાં તેને કામ માટે ક્યાં કહેવું.

તો કેટલીક માની માનસિકતા એવી હોય છે કે સાસરે જઈને તેણે ઘર સંભાળવાનું જ છે તો પિયરમાં ભલે એશઆરામ કરી લે અને આમ શરૂઆતથી જ દીકરી મોટી થતાં, લગ્ન યોગ્ય બનતાં તેને ટોકવાનું શરૂ કરે છે ત્યાં સુધી દીકરી લાપરવાહ થઈ ગઈ હોય છે, પરંતુ સાસરામાં પગ મૂકતાં જ આ નવા વાતાવરણમાં એડજસ્ટ થવાનો પ્રયત્ન કરવા લાગે છે અને તે માનસિકરૂપે પરિપકવ બની જાય છે, વળી તે સમજે છે કે આ બધા પારકાને મારા પોતાના બનાવવાના છે અને બધાને દિલમાં મારી જગ્યા બનાવવાની છે અને એથી આપોઆપ બધા કામમાં રસ લેવા માંડે છે અને પછી એક કુશળ ગૃહિણી બની જાય છે.

દીકરી વહુ બનીને સાસરે જતાં જ તેનામાં બદલાવ આવવા લાગે છે. પિયરમાં તેની સવાર મોડી પડતી, પરંતુ સાસરામાં સવારે વહેલી ઊઠવા લાગે છે. કેમ કે પતિનું લંચ તૈયાર કરવાનું હોય છે અને તાજો નાસ્તો પણ ખરો જ.

દીકરી નવા સંબંધમાં બંધાઈ જતાં તે ભાભી, કાકી, મામી, વહુ અને દેરાણી વગેરે સંબંધ ધરાવે છે. આ સંબંધોને જાળવવાની જવાબદારી છોકરીની છે અને તે પોતે પણ મહેસૂસ કરે છે કે આ બધા નવા સંબંધોથી તેને પ્રેમ અને પોતીકાપણું મળે છે. એથી આ સંબંધોને સુદઢ કરવા તે મેચ્યોર બનતી જાય છે.

પહેલાં મમ્મી બધાનું ધ્યાન રાખતી હતી. હવે તેણે આખા પરિવારનું ધ્યાન રાખવાનું છે. ઘરના સભ્યોમાંથી કોઈ બીમાર પડી જાય તો તેને સમયસર દવા દેવી. ખાવાપીવાનું ધ્યાન રાખવું વગેરેની જવાબદારી તેના માથા પર હોય છે.

ઘરનું કામકાજ કરવું, રસોઈ કરવી, ઘર સાફ રાખવું વગેરે બધા જ કામમાં દિલચસ્પી લે છે. અગર બહાર જોબ કરે છે તો નોકરો પાસે ધ્યાન દઈને બધું કામ કરાવે છે.

લગ્ન પછી બાળક જન્મતાં જ તેની સારસંભાળ રાખે છે. મા બન્યા પછી જવાબદારી નિભાવતા શીખી જાય છે. બાળકની

સાથે એવી રીતે જોડાઈ જાય છે કે તેનું ધ્યાન રાખવું, મોટું કરવું એ જ તેનું લક્ષ્ય બની જાય છે.

પહેલાં બિન્દાસ્ત ખર્ચ કરતી દીકરી હવે પરિવારની જવાબદારી આવતાં કરકસરથી ખર્ચ કરે છે અને બચત પણ કરે છે. સાચે જ લગ્ન એક જવાબદારી છે. એથી પોતાના પગ પર બરાબર ઊભા રહ્યા પછી જ લગ્ન કરવા જોઈએ.

મેરેજ કાઉન્સેલર કમલ ખુરાનાનું કહેવું છે કે લગ્ન પછી સાચે જ બાળકો જવાબદાર બની જાય છે, કેમ કે આ પહેલાં તેઓ પોતાના મા-બાપે બનાવેલા ઘરમાં સલામત રહેતાં હોય છે, પરંતુ લગ્ન પછી જાણ થાય છે કે પોતાની મહેનતથી પોતાનું ઘર પોતે જ બનાવવાનું છે. વળી, બન્નેને પરસ્પરની જવાબદારી હોય છે.

એક છોકરી પોતાના મા-બાપ, ભાઈ-બહેન, ઘરબાર, મિત્રો બધું જ છોડીને પતિના ભરોસે નવા ઘરમાં આવે છે ત્યારે પતિની પણ જવાબદારી રહે છે કે તે પોતાની પત્નીને ખુશ રાખે. તેની બધી સુખસગવડનું ધ્યાન રાખે અને તેને કોઈ વાતે ઓછું ન આવે. આના માટે પતિ પોતાના તરફથી પૂરતી કોશિશ કરે છે અને જવાબદારી બખૂબી નિભાવે છે. વળી, તેણે પોતાનો પરિવાર પણ વધારવાનો છે અને એને માટે આર્થિક રૂપે સક્ષમ હોવું ખૂબ જરૂરી છે. આથી તે પોતાની કરિયર પ્રત્યે ગંભીર થઈ જાય છે. વધુ મહેનત અને નિષ્ઠાથી કામ કરે છે અને ઘર, પત્ની અને કરિયર પ્રત્યે વધુ ને વધુ વિચારતો થઈ જાય છે.

લગ્ન પછી છોકરો પણ જવાબદાર બને છે. લગ્ન પહેલાં મોજમસ્તી, હોટેલ, ફ્રેન્ડ્સ સાથે પૈસા ઉડાવવા વગેરે ચાલતું હોય છે, પરંતુ લગ્ન થતાં જ કરિયર પ્રતિ ગંભીર બની જાય છે. કેમ કે લગ્ન પછી પત્નીની જવાબદારી અને ઘરખર્ચ ઉઠાવવા માટે સજાગ બની જાય છે. તે પૂરી પ્રામાણિક્તા, નિષ્ઠા અને મહેનતથી કામ કરે છે. લગ્ન પછી તેનામાં બદલાવ આવે છે. તે સમયસર ઘરે પાછો આવે છે, કેમ કે તેની પત્ની તેના ઘરે આવવાની રાહ જોતી હોય છે. આમ, લગ્ન એવી સામાજિક વ્યવસ્થા છે જેમાં જવાબદારી વધુ કરવાની શક્તિ આપોઆપ આવી જાય છે.

*- સાભાર કપોળમાંથી*

---

# લગ્ન જીવન

સૂર્ય અને ચંદ્ર જેટલો જ શાશ્વત અને સનાતન છે આ સંસાર અને સંસારમાં સનાતન છે દામ્પત્ય. બે વિજાતીય વ્યક્તિ લગ્ન દ્વારા દામ્પત્યની શરૂઆત કરી સંતાનોને જન્મ આપી આદિમાતા પ્રકૃતિ અને પરમપિતા પરમેશ્વરનું ઋણ અદા કરે છે.

યૌવનની સાથે એક ઝંખના જાગે છે દ્વૈતમાંથી અદ્વૈત થવાની. અકળ રીતે હૃદયમાં કોઈનું નામ અનાયાસે ગુંથાતું જાય છે. પ્રેમની લગનીમાંથી લગ્ન જન્મે છે બે શરીર અને આત્માનું મિલન થાય છે. દામ્પત્યજીવનની, લગ્નજીવનની શરૂઆત થાય છે. પ્રેમ કદી વૃદ્ધ થતો નથી. વયમાં વૃદ્ધ અને છતાં હૃદયમાં સમૃદ્ધ એવા પ્રસન્ન દામ્પત્યનું વર્ણન કરતાં સુરેશ દલાલ લખે છે, લગ્નજીવન કેવું હોવું જોઈએ ?

'ડોસાએ ડોસીને જીદ કરી કહ્યું,
હવે હાથમાં તું મેંદી મુકાવ,
કોકના લગનમાં જઈએ તો લાગે,
કે આપણે પણ કેવો લગાવ,
આપણને જોઈ પછી કોઈને પણ થાય
કે પરણી જઈએ તો કેવું સારું,
મંગળફેરા ફરતાં જીવોને લાગે કે,
જીવન હોય આવું સહિયારું,
તારી મેંદીમાં મારું ઉપસશે નામ
અને નામમાં દેખાશે તારો ચહેરો
હાથમાં હાથ હવે ઝાલીને મ્હાલીએ
ને ફરી લઈએ જીવતરનો ફેરો.

પ્રાચીન કાળમાં પરણી ઉતર્યા પછી વરવધૂને વશિષ્ઠ-અરુંધતી દર્શન કરાવવામાં આવતું વશિષ્ઠ અરુંધતીનો પ્રેમ આપણે ત્યાં દામ્પત્યનો આદર્શ મનાયો છે. તેની પ્રેરક કથા લગ્નવિધિ કરાવતા એક સંચાલક કહે છે,

વશિષ્ઠ સાત મહાન ઋષિઓમાંના એક હતા. તેમની એક પ્રેરક કથા છે. દેવોના યજ્ઞમાં બધા ઋષિઓને આમંત્રણ હતું. વશિષ્ઠને પણ, પરંતુ તે કાળે સ્ત્રીઓને યજ્ઞમંડપમાં સ્થાન ન હતું. જીવનના કોઈ પણ વ્યવહારમાં પત્ની અરુંધતીથી છૂટા ન પડેલા વશિષ્ઠ આ યજ્ઞમાં પણ એકલા શા માટે જાય ? યજ્ઞમાં એકલા આવવા માટે એમની ઘણી સમજાવટ થઈ, પણ એ અડગ આત્મા સામે સહુ હાર્યા. રૂઢિ તોડીને ઋષિઓની સાથે અરુંધતીનો પણ પિંડ મુકાયો. આજેય સપ્તર્ષિમંડળમાં બીજા ઋષિઓ એકલા છે, પણ વશિષ્ઠ અરુંધતી જોડાજોડ છે. વશિષ્ઠ અરુંધતીનો આ એકનિષ્ઠ પ્રેમ આપણે ત્યાં દામ્પત્યનો આદર્શ મનાયો છે. આપણે પણ વરવધૂને આશીર્વાદ આપીએ છીએ કે વશિષ્ઠ અરુંધતીના સૌભાગ્યને પામો.

લગ્નજીવનનું પ્રકાશમયી સનાતન સાક્ષી જો કોઈ હોય તો તે અગ્નિ છે. બે વ્યક્તિ એક થાય છે. અગ્નિની સાક્ષીએ અને જુદા પડે છે, પણ ચિતારૂપી અગ્નિની સાક્ષીએ.

*- પ્રિતી ભરત દેસાઈ*

# જેજેસી સેન્ટ્રલ બોર્ડ

## જૈન જાગૃતી સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ

આયોજીત

## ૨૫મો સમુહ લગ્નોત્સવ

રવિવાર, તા. ૧૫.૧૨.૨૦૧૯

## સમૂહલગ્નના દાતાશ્રીઓ

**પ્રેરક દાતા :**

**શ્રીમતી નીલાબેન પ્રદીપભાઈ સોગઠી પરિવાર**

**શ્રી વસંતભાઈ એચ. મહેતા પરિવાર (Jiggar Plast India)**











**ડેકોરેશનનાં દાતા :**








માતુશ્રી મંગળાબેન હર્ષી મોતા પરિવાર હ. ભારતીબેન તરૂણભાઈ મોતા

**કરિયાવરના દાતા :**
શ્રીમતી મીનાબેન મુકેશભાઈ શાહ

**જમણવારના દાતા :**
શ્રીમતી રેખાબેન સંજયભાઈ શાહ

**અતિથિવિશેષ :** માતુશ્રી કાંતાબેન ચંદુલાલ ગાંધી
(શ્રી. સી. એમ. ગાંધી પરિવાર)

| નં. | | | નામ | પિતાનું નામ | વતન | હાલ નિવાસ |
|---|---|---|---|---|---|---|
| ૦૧ |  |  | મયુર<br>અમી | સુશીલભાઈ શાહ<br>નલિનભાઈ ગાંધી | જાલના<br>કડી | જાલના<br>વસઈ (વે) |
| ૦૨ |  |  | દર્શિલ<br>કૃપા | વિરાજભાઈ શાહ<br>રાકેશભાઈ દોશી | ઉનડ<br>જામનગર | ભાયંદર (વે)<br>ભાયંદર (વે) |
| ૦૩ |  |  | હિમાંશુ<br>કોમલ | પ્રદિપભાઈ જૈન<br>નીતીનભાઈ શાહ | વિસનગર<br>ધોડાસન | બોરીવલી (વે)<br>ભાયંદર (વે) |
| ૦૪ |  |  | વિજય<br>પ્રાચી | જયેશભાઈ સંઘવી<br>રાજેશભાઈ શાહ | હમીરપર<br>દેશલપુર | સાયન (વે)<br>ડોંબીવલી (ઈ) |
| ૦૫ |  |  | મહેશ<br>સીમરન | દિનેશભાઈ દવે<br>ગજેન્દ્રભાઈ જૈન | બામનેરા<br>સંડારાવ | પાલી<br>ભાયંદર (વે) |
| ૦૬ |  |  | હાર્દિક<br>પૂનમ | પિયુષભાઈ તુરખીયા<br>પ્રદિપભાઈ સાવડીયા | સુરેન્દ્રનગર<br>પોરબંદર | નાલાસોપારા (ઈ)<br>જામનગર |
| ૦૭ |  |  | દિપેન<br>ઉર્વી | અશોકભાઈ પારેખ<br>પ્રદિપભાઈ શેઠ | ધોરાજી<br>વંથલી | ભીવંડી<br>ભાયંદર (વે) |
| ૦૮ |  |  | ચેતન<br>પુજા | રાજેશભાઈ ચોકશી<br>રાજેશકુમાર કોઠારી | લીબંડી<br>જોબાડા | મલાડ (ઈ)<br>વડોદરા |
| ૦૯ |  |  | હાર્દિક<br>ઉલુપી | રમેશભાઈ મોદી<br>ઠાકોરભાઈ રાઠોડ | ભાવનગર<br>નવસારી | મલાડ (વે)<br>નવસારી |

| નં. | | નામ | પિતાનું નામ | વતન | હાલ નિવાસ |
|---|---|---|---|---|---|
| ૧૦ |   | અશ્વિન<br>સ્મિતા | રસીકલાલ શાહ<br>વિનોદરાય શાહ | થરાદ<br>દામનગર | ભાયંદર (વે)<br>બોરીવલી (ઈ) |
| ૧૧ |   | વિશાલ<br>ભુમિકા | મુકેશકુમાર શાહ<br>નરેશકુમાર ભાટિયા | અડપોદરા<br>પાટણ | ભાયંદર (વે)<br>ભાયંદર (વે) |
| ૧૨ |   | ભૌતિક<br>ધ્રુતી | રજનીભાઈ મોરખીયા<br>મનોજભાઈ શાહ | વાતમ<br>ડીસા | સુરત<br>ભાયંદર (વે) |
| ૧૩ |   | પ્રિતેશ<br>જીનલ | અક્કલંકુમાર શાહ<br>હસમુખભાઈ કોઠારી | માઉ<br>ગાંધીનગર | નાલાસોપારા (ઈ)<br>નાલાસોપારા (ઈ) |
| ૧૪ |   | અંકીત<br>આશના | જશવંતલાલ તુરખિયા<br>દિપકભાઈ દોશી | સુદામડા<br>મોરબી | કાંદીવલી (ઈ)<br>મોરબી |
| ૧૫ |   | વિરલ<br>રણજીતા | કિશોરભાઈ ઝવેરી<br>પુલ્લુગુજ્જુ જોઝી | વેરાવળ<br>નુનુર | દહિંસર (ઈ)<br>કરનુલ |
| ૧૬ |   | રોનક<br>જીનલ | વિજયભાઈ કાપડીયા<br>બિપીનભાઈ કોઠારી | સુરત<br>સાવરકુંડલા | દમણ<br>મલાડ (ઈ) |
| ૧૭ |   | રિષી<br>સિધ્ધી | જયંતીલાલ અમડકા<br>સુબ્રમન્ય રાવ | સણવા<br>મેંગલોર | ભાંડુપ (વે)<br>મીરા રોડ (ઈ) |
| ૧૮ |   | પાર્થ<br>ક્રિષ્ણા | ચેતનકુમાર શાહ<br>સુભાષચંદ્ર શાહ | વિજાપુર<br>મેઢાસણ | ભાયંદર (વે)<br>ભાયંદર (વે) |

# જેજેસી સેન્ટ્રલ બોર્ડના ૨૫મા સમૂહલગ્નનાં કરિયાવર વિતરણની તસવીરી ઝલક...




જેજેસી સેન્ટ્રલ બોર્ડના પદાધિકારીઓ તથા સમૂહલગ્નના સર્વ દાતાશ્રીઓ નવકાર મંત્રનો ઉચ્ચાર કરતા


સંબંધોન કરતાં શ્રી સંજય શાહ



સંબંધોન કરતાં શ્રી જિતેન્દ્ર કોઠારી


સંબંધોન કરતાં શ્રી પ્રફુલ્લ કામદાર


સંબોધન કરતા શ્રી કિશોર શેઠ

# જેજેસી સેન્ટ્રલ બોર્ડના ૨૫મા સમૂહલગ્નનાં કરિયાવર વિતરણની તસવીરી ઝલક...




સંબંધોન કરતાં સમૂહલગ્નનાં દાતાશ્રી પ્રદીપભાઈ સોગઠી



સંબંધોન કરતાં સમૂહલગ્નનાં દાતાશ્રી પ્રવીણભાઈ મહેતા



કરિયાવર આપતા દાતાશ્રી સંજયભાઈ શાહ દ્વારા કરિયાવર સ્વીકારતા લગ્નના ઉમેદવાર



કરિયાવર આપતા દાતા શ્રી પ્રદીપ સોગઠી દ્વારા કરિયાવર સ્વીકારતા લગ્નના ઉમેદવાર



કરિયાવર આપતા દાતાશ્રી શ્રી મુકેશ શાહ, પ્રવીણ મહેતા, પ્રદીપ સોગઠી દ્વારા કરિયાવર સ્વીકારતા લગ્નના ઉમેદવારો



કરિયાવર આપતા દાતા શ્રી પ્રવીણ મહેતા દ્વારા કરિયાવર સ્વીકારતા લગ્નના ઉમેદવાર



કરિયાવર આપતા દાતા શ્રી રાજેશ ગાંધી દ્વારા કરિયાવર સ્વીકારતા લગ્નના ઉમેદવાર



સેન્ટ્રલ બોર્ડના પદાધિકારીઓ તથા લગ્નનાં ઇચ્છુકોના વાલીઓ તથા જુદા જુદા સેન્ટર હોદેદારો




જૈન જાગૃતિ સેન્ટર સુરેન્દ્રનગરના ૨૬માં સમૂહલગ્ન ઉત્સવની ઉજવણીના પ્રસંગમાં જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડના ચેરમેન શ્રી સંજય શાહ, આઈપી ચેરમેન તથા જેજેસી સુરેન્દ્રનગરના પ્રમુખ શ્રી દિનેશ વી. શાહ તથા સુરેન્દ્રનગરના સર્વ કમિટી મેમ્બરો




જેજેસી નોર્થ ઈસ્ટ આયોજિત સ્પેશિયલ ટ્રેન દ્વારા સમેતશિખરજી મહાયાત્રા પ્રસ્થાન સમારોહમાં યાત્રિકોને શુભેચ્છા આપતા જેજેસી સેન્ટ્રલ બોર્ડના સેકેટરી જનરલ શ્રી કિશોર શેઠ, સેકેટરી શ્રી જયંતી છાડવા, જેજેસી નોર્થ ઈસ્ટના પ્રમુખ શ્રી નીતિન સંઘવી, સેકેટરી શ્રી રમેશ મોરબિયા, જેજેસી નોર્થ વેસ્ટના પ્રમુખ શ્રી પરાગ શાહ, ઉત્તર મુંબઈના વિધાનસભ્ય શ્રી મનોજ કોટક તથા શ્રી કીરિટ સોમૈયા, શ્રી પ્રકાશ મહેતા

# Elite Groom Invited

Looking for a suitable match for a Beautiful, Fair, Slim, Post-graduate from a Reputed, Cultured, Affluent Jain Business Family.

Proposals solicited from a Post-graduate or plus, Highly Placed, Well Settled, Vegetarian, Never Married / Divorcee, hailing from a Cultured, Reputed, High-Status Family. Divorcees with issue PLEASE EXCUSE.

**Year of Birth** : 1976 (**Never Married**; Looks a decade younger than her age)

**Height** : 5'2

**Personality** : Delicate, charming & graceful in appearance. A social & family loving person who is spiritually inclined. Respects traditional values. Smart & open-minded with a modern outlook.

**Education** : A bright & versatile student throughout. Graduated in B.Com then completed MBA from a well-known institute in Mumbai.

**Work Profile** : Varied experience with reputed multinationals.

Been working as a strategic marketing consultant for new initiatives with world's leading PE firm, for a decade.

Was also teaching part time at a school for Special Children.

**Interests** : Travelling, reading & likes listening to music. Apart from that, she is into fitness; practices yoga & has done a part time course in nutrition.

## FAMILY BACKGROUND

**Father** : Business Owner

**Mother** : Housewife

**Siblings** : 1 Elder brother & 1 Younger brother (Married). Both brothers are involved in family business

**Family Business** : Well-established business of Building Construction Materials

**Residence** : Posh area, Mumbai

**Native Place** : Rajasthan

**Religion** : Shwetamber Jain Oswal

**Grand Father** : Founder of the first school for girls in the Godval region of Rajasthan

**E-Mail** : mymatch7611@gmail.com

**Contact** : +91 9869875355

Advt.



શ્રીમદ્ રાજચંદ્ર મિશન
ધરમપુર

# રજત મહોત્સવ

ગરિમાવંત ભવ્ય
**૨૫**
વર્ષની ઉજવણી

**૨૯ ડિસેમ્બર ૨૦૧૯, રવિવારથી ૧ જાન્યુઆરી ૨૦૨૦, બુધવાર**
**શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, ધરમપુર**

કાર્યક્રમની રૂપરેખા :

માણીએ હૃદયસ્પર્શી પૂજન
**શ્રીમદ્ રાજચંદ્રજીનો મહામસ્તકાભિષેક**

ઉન્નત થઈએ ગહન જ્ઞાનસભર
**પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન દ્વારા**

સ્વયંનો ઉત્કર્ષ સાધીએ
**પૂજ્ય બ્રહ્મવિહારી સ્વામી તેમજ**
**પૂજ્ય સ્વામી તદ્રૂપાનંદ સરસ્વતીજીની પાવન ઉપસ્થિતિમાં**

ભક્તિમય નૃત્ય અને
સંગીતનો કાર્યક્રમ
**ભક્તિની મોસમ છલકે**

ભારતની પ્રથમ
વ્હીલ ચેર નૃત્યનાટિકા
**મિરેકલ ઑન વ્હીલ્સ**

નૂતન વર્ષનો સંદેશ
**પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખે**

નૂતન વર્ષમાં પ્રવેશ
**કૈલાસ ખેર સંગે ભક્તિમય સંધ્યા**



www.srmd.org/rajat-mahotsav

Advt.

# જીવનસાથી બની ગયા જીવનના સારથી

■ નિર્મળા નેણશીભાઈ મીરાણી

એવું કહેવાય છે કે લગ્ન તો સ્વર્ગમાં નક્કી થાય છે. જ્યાં ભગવાને દરેકને માટે જીવનસાથી બનાવ્યા હોય છે. જેની સાથે એ પોતાનું જીવન પસાર કરી શકે છે.

પહેલાંના જમાનાની એટલે કે મારા જમાનાની વાત કરું તો આજથી પચાસ વર્ષ પહેલાં આપણો જીવનસાથી તો મા-બાપ જ નક્કી કરતાં. જેમાં સંતાનોને બોલવાનો કે આનાકાની કરવાનો હક જ ન હતો. વર-કન્યા તો એકબીજાને જોયાં વગર જ પરણી જતાં. મારા લગ્ન પણ એવી જ રીતે થયાં હતાં. લગ્નની પ્રથમ રાત્રે જ ખબર પડે કે આપણાં નસીબમાં ક્યું પાનું લખાયું છે? પણ, હું એટલી નસીબદાર કે મારું પાનું હુકમનો એક્કો ખુલ્યું, અને મને એક આદર્શ જીવનસાથી મળી ગયા. જેમને મેળવીને મારું જીવન ધન્ય થઈ ગયું.

મારા લગ્ન વિશેની થોડી વાત કરું તો મારા લગ્ન એક એવા પરિવારમાં થયા જેમને સાક્ષાત શ્રી સ્વામિનારાયણ ભગવાન મળ્યા હતા. એ પરિવાર એટલે કચ્છ વાગડના ગાગોદર ગામના શ્રી ગણેશભાઈ રામજી મીરાણીનું પરિવાર. આમ લગ્ન કરીને હું ગાગોદર આવી. એ સમયે ગાગોદર માટે એવું કહેવામાં આવતું કે

''ગામ ગાગોદર, ગોરાસર પાણી
દિકરી દેજો એવું જાણી''.

એ વખતે ખરેખર જ પાણી ભરવા માથે લાજ કાઢીને ૩ કિ.મી. સુધી ચાલીને ગોરાસર તળાવે જવું પડતું હતું.

હું ફક્ત ૧૫ વર્ષની જ હતી ને મારા લગ્ન થઈ ગયાં. એ વખતે તો જીવનસાથી એટલે શું? એ કેવા હોવા જોઈએ? એવી કોઈ સૂઝબુઝ નહિ. પણ હા. એક વાતની ખબર કે જેની સાથે લગ્ન કરવામાં આવ્યા છે એમની સાથે સુખ હોય કે દુઃખ બધી જ પરિસ્થિતિમાં એમના જીવનની સાથી બનીને રહેવાનું.

એક યુવતી એના જીવનસાથીમાં જે ઈચ્છે તે બધું જ મને મળ્યું છે. એમના જેવા જીવનસાથીને મેળવીને હું મારી જાત પર ખૂબ ગૌરવ અનુભવું છે. અને એ માટે ઉપકાર માનું એટલો ઓછો છે.

તેમના સ્વભાવની એક વાત મને સૌથી વધુ ગમે, કે તેઓ બહુ સેવાભાવી. કોઈને ગમે ત્યારે તેમની મદદની જરૂર પડે તો તેઓ હંમેશા હાજર થઈ જાય. સામાજીક કાર્યો કરવાનો પણ એમને બહુ શોખ. આ ઉંમરે પણ તેઓ સામાજીક ક્ષેત્રે ખૂબ યોગદાન આપે છે. જો કે સમાજસેવા સિવાય બીજી કોઈ વાતનું તેમને વ્યસન નથી. તેમના માટે જીવનના મૂલ્યો અને સિધ્ધાંતોનું ખૂબ મહત્વ. ગમે તેવી પરિસ્થિતિમાં પણ સિધ્ધાંતો માટે બાંધછોડ ન કરે.

અમારા દાંમ્પત્ય જીવન દરમ્યાન ઘણાં જ ઉતાર-ચડાવ આવ્યાં. ઘણાં સંઘર્ષો અને મુસીબતો પણ આવી. એ સમયે એમણે મને અને બાળકોને એવી ખરેખર મુશ્કેલીના સમયમાં જો જીવનસાથીનો સાથ પ્રાપ્ત થાય તો સોનામાં સુગંધ ભળી જાય. એ સમયે એમણે એમની સૂઝબુઝથી મને અને બાળકોને એવી રીતે સાચવ્યા કે અમને કોઈ તકલીફ જણાવા જ ન દીધી અને અમારા એ દિવસો પણ ક્યાં પસાર થઈ ગયા એની ખબર જ ન પડી.

શરૂઆતના સમયમાં તેઓ ધંધામાં ખૂબ વ્યસ્ત રહેતાં એની સાથે બીજા વ્યવહારીક કાર્યો પણ તેઓ ખૂબ કરતાં, સાથે સાથે સમાજસેવા તો ખરી જ. એ વખતે તેમને મારા માટે અને બાળકો માટે બહુ સમય ન મળતો. એ વખતે થોડું દુઃખ થતું પણ જેમ જેમ લગ્ન જીવનનો સમય વીતતો ગયો તેમ તેમ હું એમને વધુ સમજવા લાગી. એમનાં પ્રત્યે પ્રેમ અને આદર વધતાં ગયા. આજે જ્યારે હું એમના વિશે લખવા બેઠી છું ત્યારે મારી નજરની સામે પચાસ વર્ષની ઘણી જ સુખ દુઃખની વાતો યાદ આવે છે, પણ ટૂંકમાં અને સાચું કહું તમને તો, એમની સાથે વીતાવેલા અમુક યાદગાર પ્રસંગો જેમ કે અમારા પાંચેય બાળકોના જન્મ અને તેમના લગ્નપ્રસંગો જેવી અનેક પ્રસંગો અને વાતો યાદ આવે છે અને ખુશીથી મારું હૈયુ ભરાય આવે છે....

હું પ્રભુનો આભાર માનું એટલો ઓછો છે કે તેઓએ મને એક સારા જીવનસાથી આપ્યા. એની સાથે સાથે સારા સંતાનો પણ આપ્યા.

આજે મારા બધાં જ સંતાનો પણ તેમના જીવનસાથી સાથે ખુશ છે. મને જેટલું જોઈતું હતું એના કરતાં અનેક ગણું પ્રભુ તમે આપ્યું છે. બસ, પ્રભુ મારી આ એક ઈચ્છા પણ જરૂરથી પૂરી કરજો કે મને ફરીથી આ જ જીવનસાથી મળે. ફક્ત આવતાં જન્મમાં જ નહિ, સાત જન્મ સુધી નહિ, પણ જન્મોજન્મ સુધી બસ એ જ મળે.

*- સાભાર સર્જનહારમાંથી*

# લગ્ન શું કામ કરવા જોઈએ ?

■ જાન્હવી સંઘવી

એક વખત દીકરી તેની મમ્મીને પૂછે છે કે મમ્મી હું લગ્ન શા માટે કરું ? ત્યારે તેની મા જવાબ આપે છે કે દીકરી તું જીવનમાં કંઈપણ ભૂલ કરીશ, કંઈ ખોટું કરીશ તો દોષનો ટોપલો ઢોળવા કોઈ તો જોઈશે ને ? માટે પતિનું મહત્ત્વ સમજ.... આજકાલ વોટ્સએપ પર ફરતો આ મેસેજ લગ્ન પર બનતા જોક્સમાં ઉમેરાયો છે.

આજકાલની આ WHY જનરેશનનાં સવાલો આપણને વિચારતા કરી મૂકે છે. તેમાંનો એક સવાલ છે લગ્ન શા માટે કરવા જોઈએ ? અગાઉ આ વિચાર કેટલાને આવ્યો હશે અને તેમાંથી કેટલાયે તેમના માબાપને પૂછ્યો હશે તે પણ એક સવાલ છે. ખૂબ જ પ્રેક્ટિકલ ગણાતી આજની પેઢી દરેક વાતોમાં પ્રશ્નો પૂછે જવાબ સંતોષકારક ન લાગે તો તે વિચાર અમલમાં ન પણ મૂકે. લગ્ન કર્યા વગર લીવ ઈન રિલેશનશીપમાં રહેવાનું ચલણ વધતું જાય છે. કોઈપણ પ્રકારના બંધન વગર, જવાબદારી લીધા વિના મન થાય ત્યારે એકબીજાને બાય-બાય કહી શકાય. આવા સગવડિયા જીવનને બદલે લગ્નનાં બંધનમાં શા માટે બંધાઈ જવું ? તેવા તેમના વિચાર છે. વાત પણ ખરી છે. શા માટે આપણે સૌ સામે ચાલીને વાજતેગાજતે, સાજનમાજનની હાજરીમાં આ બંધનમાં બંધાઈએ છીએ. કેટલાયે જોક્સ તથા જોડકણાં કહેવતો લગ્ન માટે, પતિ-પત્ની માટે કહેવાય છે. આ લાકડાના લાડુ જે ખાય છે તે પણ પસ્તાય છે અને ન ખાય તે પણ પસ્તાય છે.

આ બધા પ્રશ્નોનો જવાબ છે કે લગ્ન એ એક એવી સંસ્થા છે, પ્રથા છે જે આપણા સમાજને તંદુરસ્ત રાખવા અનિવાર્ય છે. સમાજને એક તાંતણે બાંધી રાખવામાં તે મહત્ત્વનો ભાગ ભજવે છે. બે ભિન્ન ભિન્ન કુટુંબમાંથી આવતી વ્યક્તિઓ સાથે મળીને, સાથે રહીને વૃદ્ધ થવાનું નક્કી કરે તે જ લગ્ન. એકબીજાના ગમા, અણગમા, આવડત, અણઆવડત જેવા કંઈ કેટલાયે ગુણ-અવગુણોને અવગણીને સ્વીકારીને એકબીજાને પ્રેમ કરવાની મજા તે જ લગ્ન. રોજ સવારે ઊઠીને એક જ વ્યક્તિના પ્રેમમાં પડવાની મજા તે લગ્ન.

ઉર્દૂમાં કહેવાતા ખ્વાબગાર એટલે કે બેડરૂમમાં ડબલબેડમાં સાથે સૂઈને ભવિષ્યનાં સુંદર સપના જોવા તે લગ્ન. નાની અમથી ઉધરસ કે છીંક આવે, શરીર જરાક ગરમ લાગે તો હેતથી કાળજી લે કે ચિંતા કરે, નાની-નાની બાબતોમાં એકબીજાની અગવડતાનો ખ્યાલ રાખે. આ સવળું અમુક ઉંમર સુધી તો માતા-પિતા જ કરે, પણ જીવનભર જે સાથ આપે તે જીવનસાથી. યુવાનીમાં માતા-પિતા, ભાઈ-બહેન, મિત્રોમાં કામકાજમાં સમય પસાર થઈ જાય, પણ જ્યારે ઘડપણ આવે ત્યારે એકલતા અનુભવાય, પણ જો તમારી સાથે કોઈ એવી વ્યક્તિ હોય જેની સાથે તમે તમારા સુખ, દુઃખ, ખુશી, હતાશા, ગુસ્સો બધું જ શેર કરી શકો તો તેનાથી સુંદર વાત શું હોઈ શકે. પતિ-પત્નીને એકબીજાના હમસફર પણ કહ્યા છે. જીવનની સફરમાં દરેક વાતને ડગલે ને પગલે તમારો સાથ નિભાવે, હાથમાં હાથ પકડીને ચાલે તમને ક્યાંય ભટકવા ન દે તે આપણા હમસફર.

બે વ્યક્તિ જ્યારે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશે ત્યારે તેમનું પોતાનું પણ ઘડતર થાય છે યુવાનીનો બિન્દાસ્ત, બેફીકરાપણું ઉડાઉ સ્વભાવ આ બધું જ જવાબદારી આવતાં બદલાઈ જાય છે. લગ્ન થતાં જ પુરુષ અને સ્ત્રીમાં શારીરિક સાથે માનસિક બદલાવ પણ આવે છે. એકબીજાને સાંભળવા, સમજવા, ધીરજ ધરવી, હિંમતની તકલીફોનો સામનો કરવો, એકબીજાને મદદરૂપ થવું, આગળ વધવા માટે સતત પ્રેરણા અને સહકાર આપવો. આવા

ગુણ તેમનામાં આપોઆપ જ કેળવાઈ જાય છે. આટલી સુંદર વ્યવસ્થાનો ભાગ બનવાનું શું ન ગમે ?

કુદરતે પણ અજબ ગોઠવણ કરી છે. લગ્નના શરૂઆતમાં સ્ત્રી ખૂબ સુંદર લાગે જેથી પુરુષને તેનું આકર્ષણ થાય. તેની માટે કમાવાની, તેને ખૂબ સરસ રીતે સાચવવાની ઈચ્છા થાય. પછીના વર્ષોમાં પુરુષો જ્યારે ચાલીસીમાં પ્રવેશે ત્યારે તેમનો આત્મવિશ્વાસ વધે, સફળતા મેળવે. શરીરે ભરાય એટલે સ્ત્રીને તેનું આકર્ષણ થાય. આમ પરસ્પર આકર્ષણ, અસલામતી અને ચિંતાની ભાવના જ સ્ત્રી પુરુષને આ બંધનમાં જકડી રાખે.

આજની પેઢીનો લગ્ન ઉપર વિશ્વાસ બનાવી રાખવો એ માટે માતા-પિતાએ પણ એક ફરજ નિભાવવાની છે તે છે તેમની સામે તેમનો સુખી દામ્પત્યજીવનનો દષ્ટાંત બેસાડવો. જો માતા-પિતા એકબીજા સાથે પ્રેમ-સ્નેહથી વર્તે, એકબીજાને સન્માન આપે. સાથે બેસીને મજાક મસ્તી કરી શકે. બંને વચ્ચે મૌનનો પણ સંવાદ થાય તો તેમના સુખી લગ્નજીવનને જોઈને સંતાનોને પણ આવું જીવન જીવવાની ઈચ્છા થાય.

લગ્નનાં આયોજનમાં જેટલો સમય અને ચોક્સાઈ રાખીએ તેટલો જ સમય દીકરા-દીકરીને લગ્નજીવનની જવાબદારી અને ગંભીરતા સમજાવામાં કાઢીએ તો ઘણા જ પ્રોબ્લેમ ઉદ્‌ભવે જ નહીં અથવા સોલ્વ થઈ જાય. આ વાત ગંભીરતાથી સમજવાની જરૂર છે.

શરૂઆત હળવી શૈલીમાં તો અંત પણ હળવી શૈલીમાં જ કરીએ.

પરણીને પહેલી વખત સાસરે આવેલી દીકરીને તેના પાડોશીએ ખબરઅંતર પૂછયા. પછી પૂછ્યુ તારા પતિ શું કરે છે ? પેલીએ નિખાલસતાથી જવાબ આપ્યો **'અફસોસ'**

---

# समय का प्रमाद न करे
## महापुरुषो की वाणी से

■ **अनोखीलाल धोका (जैन) जेजेसी-अंकलेश्वर**

भगवान महावीर ने गौतम गणधर को सम्बोधित करते हुये, हमें परोक्ष रुप से कहा है, समय मात्र का प्रमाद मत रोको। हमें मानव भव मिला है, धर्म आराधना के लिये, सुकृत के लिये, जिससे हम कर्म क्षय कर सकते है। हमने पूर्व भवों में कई कर्मो को संग्रहित किया है, उन कर्मो से पीछा छुडाने के लिये, पुण्य के उदय से हमें मानव जन्म मिला है। मानव भव अगर प्रमाद वश, घुमने-फिरने और व्यर्थ के कार्यो में व्यतित कर दिया, तो हमारे पास पछताने के अलावा कुछ भी नही रहेगा।

एक बार भारत में रहेने वाला एक मित्र, विदेश प्रवास हेतू अपने दुसरे मित्र के यहाँ रोम प्रदेश में गया। वहाँ से दोनों मित्र विश्व भ्रमण हेतू निकलने वाले थे। उन्होंने शरूआत रोम से ही की। दो घोडे प्रवास हेतू बुला लिये, घोडे पर सवार होकर, दोनें मित्र रोम के एक शहर में घुमने निकले, चलते-चलते एक चौराहे पर दोनों मित्र रुके, आगे रास्ता बन्द है, ऐसा रोम की पुलिस ने बताया। मित्रों ने कारण जानना चाहा, पता चला यहाँ के जो राजा है, उनका इकलौता राजकुमार था, जिसकी कल अचानक मृत्यु हो गयी। सभी लोग आज उन्हें श्रद्धांजलि देने आ रहे है। आज श्रद्धांजलि का कार्यक्रम होने की वजह से, आगे का रास्ता बन्द था। लोग बारी-बारी से राजकुमार की कब्र के पास आते है, और उन्हें श्रद्धांजलि दे रहे है। दोनों मित्र घोडो से उतरे और श्रद्धांजलि का कार्यक्रम देखने लगे।

कुछ अनुभव व्यक्तियों का समूह, राजुकमार की कब्र के पास पहुँचता है, और कहने लगे। राजकुमार आप कब्र से उठो, हम जिन्दगी भर अपने अनुभव आपको देते रहेंगे, हमारे होते हुये, आपको किसी प्रकार की तकलीफ नहीं होगी। हमारे अनुभवों से आपकी जिन्दगी आसान हो जायेगी, साथ ही हम राज्य कार्य में आपको बहुत उपयोगी रहेंगे। वे लोग चीखचीख कर राजकुमार को कब्र से उठा रहे थे, किन्तु कब्र से कोई आवाज नहीं आ रही थी। राजकुमार मर चूका था, और मरा हुआ व्यक्ति कभी वापस जीवित नहीं हो सकता है, यह कटु

सत्य है।

अब कविता लिखने वाले कवियों की बारी थी, कविलोग राजकुमार की कब्र के पास आते है, और कहने लगे है राजकुमार उठो। यह वक्त कब्र में सोने का नहीं है। आपने अभी यौवन अवस्था में कदम रखा है, हम कवि लोग जीवन पर्यन्त आपको कविता लिखकर सुनाया करेंगे, और कविताओं से हम आपका जीवन हरा-भरा कर देंगे, हम आपको कभी मरने नहीं देंगे। हे राजकुमार उठो जागो। हम अपनी कविता से आपको ओतप्रोत कर देंगे, लेकिन राजकुमार जो मर चूका था, उसे कब्र में दफना दिया था, वह कैसे कवियों की बात सुनता, और कैसे कब्र से उठता।

अब सैनिकों की बारी थी, रोम देश के तमाम सैनिक वहाँ आ पहुँचे, और राजकुमार से कहने लगे, है राजकुमार उठो! आपको अभी रोम प्रदेश पर राज करना है।

हम सब आपकी और आपके राज्य की रक्षा करेंगे, किसी प्रकार का अहित नहीं होने देंगे। शत्रुओं को परास्त कर देंगे, हम जीवन पर्यन्त आपकी रक्षा का वादा करते है। राजकुमार उठो और राज्य का कार्यभार संभालो, तथा हमें आदेश करो, क्या आज्ञा है, हमारे लिये? हमेंकिस राज्य पर चढाई करना है? कब्र से कोई जवाब नहीं आ रहा था, राजकुमार कब्र से उठनेवाले नहीं थे, क्योंकी उनकी मृत्यु हो चुकी थी?

अंत में राजा खुद कब्र के पास रुदन करते हुये पहुँचते है, और कहने लगे ओ राजकुमार तुम मेरे हृदय को टुकडे हो, मेरी आँख की किकी जैसे हो, मोतियों के हार के समान हो, कानो के कुण्डल के समान हो, तुमसे ही इस राज्य की शोभा है, मैं तुम्हारे बिना जीवित नहीं रह सकूँगा। राजकुमार उठो जागो। राज्य का कार्य सम्भालो, न कोई कब्र से आवाज आ रही थी, शान्त वातावरण के साथ सन्नाटा छाया हुआ था। राजा कहने लगे, अगर तुम नहीं उठे तो, में अपनी जान दे दूँगा, तुम्हारे बिना मेरे जीवन का कोई वजूज नहीं है, बस सभी श्रद्धांजलि देकर चले जाते है। लाखों की जनमेंदनी बिखर जाती है।

यह सारा द्रष्य दोनों मित्र देख रहे छे, उनकी आँखे भर आती है, अब रास्ता धीरे धीरे खाली हो जाता है। रोम में रहने वाले मित्र ने अपने भारतीय मित्र से कहा, चलो आगे चलते है, अब रास्ता खुला हो गया है। भारत में रहनेवाले मित्र का हृदय परिवर्तन को चूका था, उसने कहा अब मुझे कहीं घुमने नहीं जाना है, और न ही विश्व भ्रमण करना है। मुझे यह अमूल्य जीवन मिला है, उसे में घुमने-फिरने में गवाना नहीं चाहता हूँ। मुझे मानव भव पाप-कर्म करने के लिये नहीं, अपितु इस भव सागर से पार होने हेतू मिला है। साथ ही मुझे यह भी ज्ञात हो गया है, कि जीवन क्षणभंगुर है, कभी भी मृत्यु हो सकती है, शरीर का कोई भरोसा नहीं है, यह देह नश्वर है।

किसी ने सच ही कहा है, गयी सम्पति वापस मिल सकती है, किन्तु समय और प्राण गये हुए, वापर कभी भी नहीं आते है। इस मानव भव में, धर्म आराधना कर, तप आदि कर, समुद्र जितने कर्म भी क्षय कर सकते है। बस हमें प्रमाद छोडना होगा, घुमने-फिरने का काम बन्द कर, धर्म आराधना में जुड जाना होगा, साथ ही हम सुकृत का कार्य करे, दिन दुखियों के लिये उपयोगी बने, तभी हमारा मानव भव सफल होगा। जो घुमने-फिरने जाते है, वहाँ मुख्य रुप से तीन चीजे जीन ''प'' ही देखने को मिलते है। पहला प-पानी, दूसरा प-पत्थर, तीसरा प-पत्ते। इस तरह संसार में पर्यटक स्थलों पर पानी, पत्थर और पत्तों के सिवाय कुछ नहीं है। हम प्रमाद छोडे, घुमने-फिरने से दुर रहे, और आराधना कर मानव भव को सफल बनाये, यहीं जीवन का सार है।

जागने की वेला है स्वयं को जगा लो भावनाओं के समन्दर में जरा डुबकी लगा लो।

वक्त को चाहकर भी रोक न पाया कोई चन्द घडीयाँ शेष है जीवन को सपल बना लो.

## ગોળધાણાથી લગ્નની વિધિ સુધી

# છોકરા-છોકરીનાં મા-બાપ માટે આનંદ અને હૃદયમાં અજંપાનો સમય

■ અરૂણભાઈ મહેતા

કુટુંબમાં છોકરા કે છોકરીની ઉંમર લગ્ન કરવા જેટલી થાય કે મા-બાપને તેને માટે જીવનસાથીની શોધવાની ચિંતાની શરૂઆત થઈ જાય છે. એમ કહેવાય છે કે જનમ-મરણ અને લગ્ન ઉપરવાળાની ઈચ્છા પ્રમાણેના સમયે, સ્થળે અને નિમિત્તથી જ થાય છે, પણ ઘણાં એમ માને કે જનમ અને મરણ ઉપરવાળાના હાથમાં છે જ્યારે લગ્ન કરવા એ આપણા હાથમાં છે, આપણે ઈચ્છીએ ત્યારે થઈ શકે છે. બહુ વિચારીએ તો આ વાતમાં બહુ તથ્ય દેખાતું નથી કારણ કે અગર એમ જ હોત તો એમ કહેવાત જ નહીં કે ''લગ્નનાં જોડાં સ્વર્ગમાં જ નક્કી થયેલા હોય છે'' આવું આપણા દેશમાં જ નહીં પણ પરદેશોમાં પણ આવું મનાય છે.

લગ્ન એ દરેક વ્યક્તિનો મોટામાં મોટો આનંદનો અને યાદગીરીનો પ્રસંગ છે. પોતાના જન્મ વખતે દરેક વ્યક્તિને પોતાના જ અસ્તિત્વનું જ જ્ઞાન હોતું નથી અને મરણ વખતે વ્યક્તિની યાદશક્તિ વગેરે બધી જ શક્તિઓ નાશ પામે છે. આથી જન્મ અને મરણ વખતે આનંદ કે યાદશક્તિની પૂર્ણપણે બાદબાકી થઈ જાય છે.

જેમ હજારો ગાયનાં ધણમાંથી વાછરડું પોતાની માતાને શોધી કાઢે તે જ પ્રમાણે છોકરા કે છોકરીનું કર્મ તેના આ જન્મના જીવનસાથીને મેળવી આપે છે. જે બે જણ જીવનસાથી તરીકે જોડાવાના હોય, તેમના મળવાનો સમય, તેમને મળવાની જગા અને તેમને મેળવી આપવાનું નિમિત્ત નક્કી જ થયેલું હોય છે. આ બધું જાણવા છતાં મા-બાપને પોતાના સંતાન માટે જીવનસાથી શોધવા, તે ઉપરાંત તેમનાં ગોળધાણાની વિધિથી લગ્ન સુધીની વિધિ પતવા સુધી આનંદ માણવા સાથે હૃદયમાં ચિંતા અને અજંપો રહ્યા કરે છે. લગ્ન એ આનંદનો પ્રસંગ છે, પણ મા-બાપ માટે આનંદ ઓછો અને ચિંતાનો વિષય વધારે છે. સંતાનોના લગ્ન પછી પણ મા-બાપ માટે પોતાનાં સંતાનોના સંસાર કેમ ચાલે છે તેની ઉપાધિ હોય છે. તેમનો પાંચ વર્ષ સંસાર સારી રીતે ચાલે ત્યારે મા-બાપને કંઈક શાંતિ થાય પણ સંતાનોને ત્યાં સંતાનો મોટા થાય ત્યારે મા-બાપને અવગણવામાં આવે છે. માન-મરતબો જળવાતો નથી તેઓને નાના-મોટા નિયમો પળાવીને હેરાન કરવામાં આવે છે. છેવટે વૃદ્ધાશ્રમમાં છોડવાની વાત થાય છે. દરેક મા-બાપને પોતાનાં સંતાન માટે જીવનસાથી તરીકે સારું પાત્ર મળે તે માટે સમાજમાં આગેવાન વડીલોની સાથે સંપર્કમાં આવી, સમાજમાં પોતાનાં છોકરા કે છોકરી માટે સારું પાત્ર મળે તે માટે ભલામણ કરવી પડે છે. આમાં જો પોતાના સંતાનના અભ્યાસ, દેખાવ ઘરબાર વગેરેમાં કંઈ ખામી હોય તો સમાજના આગેવાનો બહુ ધ્યાન આપતા નથી અને આર્થિક સ્થિતિ નબળી હોય તો તેઓ બિલકુલ ધ્યાન આપતા નથી. તેથી મા-બાપને 'મેરેજ બ્યૂરોનો' આશરો લેવો પડે છે. તેમાં પણ રૂપિયા ખર્ચ્યા પછી યોગ્ય પાત્ર ન મળે તો મા-બાપની ચિંતા વધી જાય છે. આજકાલ જન્મકુંડળીમાં માનતા લોકોને જ્યોતિષ કહે કે આપના સંતાનની કુંડળીમાં મંગળ દોષ છે, તો વિધિ કરાવવાની ચિંતા થાય. મંગળ દોષ દૂર કરવાની વિધિ કરાવ્યા પછી સંતાનનું વેવિશાળ ન થાય તો બીજા જ્યોતિષની સલાહ લેવામાં આવે ત્યાં નવી શંકા ઊભી કરીને પૈસાનો ખર્ચ કરાવે છે. વખત જતાં પોતાના સંતાનનું વેવિશાળ નક્કી થાય ત્યારે જો મા-બાપ સાધારણ સ્થિતિના

હોય તો સામેવાળા પક્ષને સાદાઈથી કે ઓછા ખર્ચે લગ્નવિધિ પતાવવા માટે મનાવવા પડે છે. વેવિશાળ પછી છોકરા-છોકરીનું હરવાફરવા જવું, મોબાઈલમાં વાતચીત કરવામાં રચ્યા-પચ્યા રહેવાનું વધી જાય છે. મા-બાપને થાય કે આમાં બંનેના મનમાં અંટશ ન પડે તો સારું. તેથી વડીલો પોતાના સંતાનોના લગ્ન જલદી પતે તેમ ઈચ્છે છે. સમાજમાં એવા પણ દાખલા બન્યા છે કે વરસ સુધી છોકરા-છોકરી હરેફરે, પણ જ્યારે લગ્નનો વખત પાસે આવે ત્યારે બંનેમાંથી એક પાત્ર કહી દે કે ''આપણો મનમેળ મળતો નથી તો આપણે છૂટા પડીએ''. આવા વખતે લગ્ન માટે હોલ બુકિંગ, કેટરરનું બુકિંગ, ફરવા જવા માટે હોટેલ બુકિંગ, રેલ કે પ્લેનનું બુકિંગ, એકબીજા માટે ખરીદેલા કપડાંનો ખર્ચ માથે પડે. બંને કુટુંબમાં આઘાતની લાગણી લાગે એ તો અલગ અને વેવિશાળ તૂટ્યાનો દાગ લાગે. પાછું ફરીથી પાત્ર શોધવાની ભાંજગડ. ઘણી વખત લગ્નને દિવસે જ બંને કુટુંબ વચ્ચે નાની બાબતમાં રકઝક થાય અને મામલો વટ ઉપર જાય ત્યારે લીલા તોરણે જાન પાછી જાય છે. આવા પણ સમાજમાં દાખલાઓ બન્યા છે. ફરી મા-બાપના હૃદયમાં આઘાત અને ફરી નવેસરથી નવું પાત્ર શોધવાનો સંઘર્ષ.

આજકાલ છોકરા-છોકરીઓમાં શિક્ષણનું પ્રમાણ ઉચ્ચ સ્તર પર હોય, તેઓની ઉંમર મોટી થઈ ગઈ હોય, તેઓના વિચાર દૃઢ થઈ ગયા હોય, બાંધછોડ કરવાની જરા પણ ટેવ ન હોય ત્યારે સમાજમાં છૂટાછેડાનું પ્રમાણ વધારે થઈ જાય છે. એવા પણ દાખલા બને છે કે લગ્ન થઈ ગયા પછી બીજે ત્રીજે દિવસથી છૂટાછેડા લેવાની વાત શરૂ થઈ જાય છે. એક કપલ લગ્ન પછી તરત જ બહારગામ ફરવા ગયું. અઠવાડિયાનો ફરવા જવાનો કાર્યક્રમ હતો પણ ત્રીજે દિવસે બંને મુંબઈ પાછા આવી ગયા. છોકરો પોતાને ઘરે અને છોકરી પોતાને ઘરે. આ પ્રસંગમાં ચિંતા તો માબાપને જ થાય અને લગ્નનો આનંદ આઘાતમાં પરિણમે. એવા પણ ઉદાહરણ છે કે વ્યક્તિના ચાર ચાર વાર લગ્ન થયા છતાં જીવનમાં કે સંસારમાં ઠરીઠામ થયા નથી. આ હાલતમાં મા-બાપ તો ઠીક પણ સંતાનોને ત્યાં થયેલાં સંતાનોની હાલત કઢંગી થાય છે.

ઘણા એવા દુખદ બનાવ બને કે વ્યક્તિ કાયમ માટે કુંવારા રહીને જિંદગી પસાર કરવાનો નિશ્ચય કરી લે છે. એક પાંસઠ વરસના પારસી બાવાને પૂછવામાં આવ્યું કે ''તમને કેટલા પોરીયા છે?'' તેમણે જવાબ આપ્યો કે ''લવ કીધું'તું, તે ફ્રેઈલ ગયું'' મા-બાપને ઈચ્છા હોય કે ''અમારા સંતાનો પરણીને સુખી થાય'' પણ સંતાનોના લગ્ન જ ન થાય તો આખી જિંદગી મા-બાપનો જીવ તેમના સંતાનોમાં જ રહી જાય. સંતાનના લગ્ન પછી મા-બાપને સંતાનોના સંતાન એટલે પોતા-પોતી રમાડવાની ઘણી હોંશ હોય છે. હવે તે હોંશ પૂરી ન થાય તો પણ મા-બાપને ચિંતા આ બાબતમાં સાસુ-વહુ વાત વાતમાં ઝઘડાનું સ્વરૂપ લે છે વધારે વખત જાય તો દવા કે દોરા-ધાગા કરવામાં આવે છે. તેમાં પણ સફળતા ન મળે તો મા-બાપ પર દુઃખનો પહાડ તૂટી પડ્યો હોય એવી લાગણી થાય છે.

આપણા સમાજમાં કથા સંતાનોની વ્યથા મા-બાપોની. આમા દસ ટકા મા-બાપોને જ સંતાનોના લગ્નથી સંતોષ થાય છે. આપણા સમાજમાં છોકરી-છોકરાની નાહક ચિંતા કરતા હોય છે. વડીલોને માટે સંતાનોના લગ્ન એ માન અને મોભો છે. છોકરા-વહુ કાબૂમાં રહે એવી વડીલોની ઈચ્છા હોય છે. આ બધું હાલના જમાનામાં વ્યર્થ છે. એક કપોળ છોકરીએ પારસી છોકરા સાથે 'લવમેરેજ' કર્યા લગ્નને બીજે દિવસે પારસી પિતાશ્રીએ એક ઘરના બ્લોકની ચાવી વહુના હાથમાં આપીને કહ્યું ''અમારે ત્યાં રિવાજ છે કે આ રીતે છોકરા-વહુને અલગ ઘર અપાવવું'' પારસી લોકોમાં ખાસિયત છે કે તેઓ યોગી બનવા કરતાં ઉપયોગી બનવા વધારે વિચાર છે. ધીરે ધીરે પરદેશની લગ્ન પ્રથા જ આપણા દેશમાં આવી જઈ રહી છે. સંતાનો જ પોતાના જીવનસાથી શોધી લે અને પ્રેમથી જ સાથે ન રહેતા અલગ અલગ રહે. મા-બાપોએ પણ સંતાની ચિંતા ન કરતાં પોતાની રીતે જીવન વીતાવે.

*- સંકલન*

# જૈન વિશ્વકોશ: શ્રુતજ્ઞાનના મહાસાગરનાં મોતી

■ ડૉ. કુમારપાળ દેસાઈ

તમે જાણો છો કે, જૈન ધર્મમાં પણ મહાભારત અને રામાયણ છે? જેમાં રામ અને કૃષ્ણ જેવાં પાત્રો મળે છે, માત્ર કથાના વળાંકો ભિન્નભિન્ન છે.

તમે જાણો છો કે કોઈ સ્ત્રીને ધર્મમાં સર્વશ્રેષ્ઠ પદ અર્થાત્ ઈશ્વરનું સ્થાન અપાયું હોય, તો તે જૈન ધર્મના શ્વેતાંબર સંપ્રદાયમાં થયેલા તીર્થંકર ભગવાન મલ્લિનાથ અને મલ્લીકુમારી હતાં.

'રાષ્ટ્રીય શાયર'નું બિરુદ મેળવનારા ઝવેરચંદ મેઘાણી બાળપણમાં જૈન પાઠશાળામાં ધાર્મિક ઉત્સવોમાં ગીતો રજૂ કરતા હતા.

બહુ ઓછાને જાણ હશે કે જૈન ગ્રંથભંડારોમાં માત્ર જૈન હસ્તપ્રતો અને ગ્રંથો નહીં, બલ્કે હિન્દુ ધર્મના રામાયણ, ભગવદ્ગીતા જેવા મહત્ત્વના ગ્રંથો પણ સચવાયેલા છે. જૈન ધર્મની આગવી લગ્નવિધિ છે, જેમાં જુદા પ્રકારના મંત્ર અને વિધિ મળે છે. જૈન ધર્મના ઉપવાસ અંગે વૈજ્ઞાનિક ધોરણે સંશોધન કરાયું છે અને નોંધાયું છે કે તે માનસિક, શારીરિક અને હાર્મોનલ બેલેન્સ માટે લાભદાયી છે.

અમેરિકા, કેનેડા અને બ્રિટનમાં તો અનેક જૈન સેન્ટરો છે. પરંતુ દારેસલામ, ન્યૂ ઝિલૅન્ડ, થિકા (કેનિયા), સિંગાપોર, યુગાન્ડા જેવા દેશોમાં જૈન સેન્ટરો આવેલાં છે. ભગવાન મહાવીરના સમયમાં ગણતંત્ર હતું અને જૈન ધર્મમાં આગવું ગણતંત્ર છે અને જૈન પેઢીઓમાં આગવી સંઘભાવના જોવા મળે છે. શહેનશાહ અકબરે જૈનોને 'જીવાતખાના ધરાવતા લોકો' તરીકે ઓળખાવ્યા હતા. આ જીવાતખાના એટલે એવી જગાએ ઠંડક રહેતી હોય તેવા ઓરડામાં સાવરણીથી વાળતાં કે લોટ ચાળતાં રહેલાં જંતુઓને મુકવામાં આવતા હતા, જે શાંતિથી પોતાનું જીવન પસાર કરી શકે.

આવી કેટલીય વિશિષ્ટ વિગતો સાથે આજે રાષ્ટ્રસંત પૂજ્યશ્રી નમ્રમુનિજીના જન્મોત્સવેજૈન વિશ્વકોશ (ભાગ: ૩-૪)નું ઉદ્ઘાટન થઈ રહ્યું છે, ત્યારે એ વિશ્વકોશની કેટલીક ખૂબીઓ જાણવાનું સાહજિક રીતે મન થાય. આ ગ્રંથોમાં ચંદ્ર વિષેના અનેકવિધ લેખો છે, એ જ રીતે જૈન ધર્મનું આગવું જ્યોતિષશાસ્ત્ર છે.

તો બીજી બાજુ જિનાલયના નિર્માણ માટે જમીન મેળવવાથી માંડીને પ્રતિષ્ઠા સુધીના દરેક કાર્યસંબંધી મુહૂર્તોનું અત્યંત સૂક્ષ્મતાથી નિરુપણ કર્યું છે. એમાં સામુદ્રિકશાસ્ત્ર અને હસ્તરેખાશાસ્ત્રના ગ્રંથો પણ પ્રાપ્ત થાય છે. છંદશાસ્ત્રની પણ ચર્ચા જૈન વિશ્વકોશમાં મળે છે. જૈન ભૌતિક વિજ્ઞાન અને અનેક સંપ્રદાયોની વિવિધ દીક્ષાવિધિનું વર્ણન છે.

શ્રમણ જૈન સંસ્કૃતિથી શરૂ થયેલી જૈન ચિત્રકલાનો સમગ્ર ઈતિહાસ આલેખવામાં આવ્યો છે, તો એના તાંત્રિક પટો, વિજ્ઞપ્તિ પત્ર વગેરેનો આગવો મહિમા છે. આમાં અનેકવિધ કથાનકો પણ મળે છે અને રાસફાગુ જેવી સાહિત્યિક કૃતિઓની માહિતી પણ મળે છે.

જૈન સ્વાતંત્ર્ય સેનાની, જૈન મંત્રીઓ, રાજવીઓ, નેતાઓ, ઉદ્યોગપતિઓ, લેખકો, આચાર્યો, સતીજીઓ તથા વિદેશમાં જૈન ધર્મની વિગતો, મંદિરો અને સ્થાપત્યો, ઉત્તમ શ્રાવક-શ્રાવિકાની વિગતો મળે છે.

આમ, જૈન ધર્મના એકસો જેટલા વિષયોનો સમાવિષ્ટ કરતો આ 'જૈન વિશ્વકોશ' એ એક અર્થમાં જૈન સંસ્કૃતિના આકાશને દર્શાવે છે. જેમાં જ્ઞાનીપુરુષો, દાનેશ્વરીઓ અને સમાજસેવકોનાં ચરિત્રો પણ ગૂંથી લેવામાં આવ્યા છે, તો ધર્મની ક્રીયાઓ બતાવનારી પરિભાષાઓ પણ સમજાવી છે. આજે પ્રકાશિત થઈ રહેલા 'જૈન વિશ્વકોશ'ના ત્રીજા ખંડમાં ૨૭૪ જેટલા જુદા જુદા વિષયો પર તજ્જ્ઞોએ લખેલાં લખાણો છે. એંસીથી વધુ લેખકોએ આને માટે પોતાની કલમ ચલાવી છે અને આર્ટ પેપર પર ફોર કલરનાં ૧૬૪ ચિત્રોથી આ ગ્રંથ સુશોભિત છે, તો એના ચોથા ગ્રંથમાં ૨૮૬ જેટલા લેખો છે. વિદેશમાં આવેલાં જૈન મંદિરોની હૂબહૂ તસવીરો છે અને આમાં ૭૦ જેટલા લેખકોએ યોગદાન આપ્યું છે તથા ફોર કલર પ્રિન્ટિંગ સાથે આર્ટ કલરમાં ૨૦૦ ચિત્રો પ્રગટ કરવામાં આવ્યા છે.

આ રીતે 'જૈન વિશ્વકોશ'નો આ શ્રુતપજ્ઞ પહેલા અને બીજા ભાગના પ્રકાશન પછી ત્રીજા અને ચોથા ગ્રંથથી એક ડગલું આગળ વધી રહ્યો છે.

સમગ્ર વિશ્વકોશ ગ્રંથશ્રેણીનું સંપાદન કાર્ય પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ અને શ્રી ગુણવંત બરવાળિયાએ કરેલ છે. પંદરસો રૂપિયાની કિંમતનો આ ગ્રંથ વિમોચન પ્રસંગે માત્ર રૂપિયા બસ્સોમાં ઉપલબ્ધ છે. જૈન વિશ્વકોશ ભાગ-૩ અને ૪ના સેટની કિંમત રૂપિયા ચારસોમાં તા. ૩૦-૧૧-૨૦૧૮ સુધી મળી શકશે. ગ્રંથ કોલકાતા, અમદાવાદ, રાજકોટ, ચેન્નઈ, બેંગલોર, વડોદરા, ઘાટકોપર અને કાંદિવલીથી મળી શકશે.

# ઈન્વેસ્ટર જાણો, પ્રોટેક્શન ફંડના કાયદાઓ

## સાત વર્ષમાં એકાદવાર ડિવિડન્ડ ભર્યું હોય તો શૅર આ ફંડમાં ટ્રાન્સફર થતા નથી

■ કિશોર એમ. શાહ (સોલિસિટર)

કૉર્પોરેટ અફેર્સ મંત્રાલયે ૨૦૧૭ની ૨૮મી ફેબ્રુઆરીએ એક નોટિફિકેશન 'ઈન્વેસ્ટર એજ્યુકેશન પ્રોટેક્શન ફંડ ઑથોરિટી' એકાઉન્ટીંગ, ઑડિટ અને ટ્રાન્સફર & રિફંડ એમેન્ડમેન્ટ રુલ્સ ૨૦૧૭ જારી કર્યા છે. આ નિયમો જે રોકાણકારના શૅર ફિઝિકલ હોય અને સાત અથવા તેથી વધુ વર્ષથી તે શૅરનું ડિવિડન્ડ ઈન્વેસ્ટર્સ એજ્યુકેશન & પ્રોટેક્શન ફંડમાં ટ્રાન્સફર થાય છે. ત્યાર પછી જે વ્યક્તિના નામે શૅર હોય તેને ઈન્વેસ્ટર એજ્યુકેશન અને પ્રોટેક્શન ફંડના 'Form No IEPF-5 ફોર્મ ભરવું પડે છે. ત્યાર પછી જ તેને ઈન્વેસ્ટર એજ્યુકેશન અને પ્રોટેક્શન ફંડના ફોર્મ ભરવું પડે છે. ત્યાર પછી જ તેને તે શૅર અને ડિવિડન્ડ મળે છે. આની વિગતો તેની વેબસાઈટ www.iepf.gov.inમાં આપી છે. જોકે. એક વાતનું ખાસ ધ્યાન એ રાખવું કે જેના નામના ફિઝિકલ શૅર હોય તેણે સાત વર્ષમાંથી એક વાર પણ ડિવિડન્ટ વૉરન્ટ બૅન્ક ખાતામાં જમા કર્યું હોય તો તેના શૅર અને ડિવિડન્ડ ઈન્વેસ્ટર પ્રોટેક્શન ફંડમાં ટ્રાન્સફર થતા નથી, જેની પાસે ફિઝિકલ શૅર પડ્યા હોય તેણે ઈન્વેસ્ટર પ્રોટેક્શન ફંડમાં એક કાગળ લખી રાખવો કે કોઈ પણ કારણસર ડિવિડન્ડ વૉરન્ટ બૅન્કમાં ભરાયું નથી. બાપદાદાના નામના શૅરો હોય તે પણ ટ્રાન્સફર નથી થયા તે છતાંય તે શૅરો ટ્રાન્સફર કરવાના અને તેને ડિમેટ કરવા માટેની કાર્યવાહી ચાલુ છે એટલે કંપની તેના ફિઝિકલ શૅર કે ડીવિડન્ડ પ્રોટેક્શન ફંડમાં ટ્રાન્સફર કરે નહીં. આ ફંડમાંથી શૅરો કે ડિવિડન્ડ પાછું મેળવવું ઘણું કપરું છે. જેમની પાસે તેમના બાપ-દાદાના કે પોતાના નામના ફિઝિકલ શૅરો હોય તો તેમણે પહેલા શૅરો પોતાના નામ પર ટ્રાન્સફર કરાવી લેવા અને તે શૅર ડિમેટ કરાવી લેવા, જેના નામના ફિઝિકલ શૅર હોય તેમણે ફિઝિકલ શૅરને લગતાં જે કોઈ દસ્વાતેજ જેવા કે બેલેન્સશીટ ડિવિડન્ડ વૉરન્ટ આવે તે સાચવી રાખવા જોઈએ. બેલેન્સશીટમાં દરેક કંપનીની રજિસ્ટર્ડ ઑફિસ, તેનો ઈ-મેઈલ નંબર, શૅર ટ્રાન્સફર એજન્ટનું એડ્રેસ વિગતવાર લખેલી હોય છે. શૅર ટ્રાન્સફર કરાવવા માટે અને ડિમેટ કરવા માટે તે મહત્ત્વનું બને છે.

**કોઈ શૅરની સામે કોર્ટનો ઓર્ડર હયો ત્યારે શું થાય?**

કોઈ પણ કંપનીએ કે વ્યક્તિએ ફિઝિકલ શૅરો ગિરવે મૂકેલા હોય તો ડિપોઝિટરી ઍક્ટ ૧૯૯૬ના કાયદા પ્રમાણે તે શૅર અને ડિવિડન્ડ ઈન્વેસ્ટર પ્રોટેક્શન ફંડમાં ટ્રાન્સફર નથી કરી શકાતા. આવા સંજોગોમાં જેટલા શૅરો આ ફંડમાં ટ્રાન્સફર થયા હોય અને જેટલું ડિવિડન્ડ ટ્રાન્સફર થયેલું હોય તેનો દરેક કંપનીઓએ હિસાબ અને રેકોર્ડ સાચવી રાખવા પડે છે.

ઈન્વેસ્ટર પ્રોટેક્શન ફંડમાં જે શૅરો ટ્રાન્સફર થયા હોય ત્યાર પછી તે કંપની બોનસ આપે. શૅર સ્પીલ્ટ થાય અથવા કોન્સોલિડેશન થાય કે ફંક્શન કૂપન મળે તેના જેવા દરેક કોર્પોરેટ લાભ આ ફંડમાં આપોઆપ ટ્રાન્સફર થાય છે. તે શૅરનો જે સત્તાવાર માલિક હોય તે ઈન્વેસ્ટર પ્રોટેક્શન ફંડના કાયદા પ્રમાણે ફોર્મ IEPF-5 ભરીને શૅરો અને ડિવિડન્ડ પાછા મેળવી શકે છે, પરંતુ આ મેળવવાની વિધિ કંઈ સરળ નથી. સરકારે આ વિધિ સરળ કરવાની જરૂર છે, જેથી સામાન્ય માણસ પણ તેના શૅર/ડિવિડન્ડ આ ફોર્મ ભરીને પાછા મેળવી શકે. આ વિધિ 'ઑનલાઈન' કરવી પડે છે, જે દરેકના માટે શક્ય નથી.

કોઈ કંપની ડિલિસ્ટેડ થાય તો તેના શૅરોનું શું થાય?

શૅરબજારમાંથી જે કંપનીનું ડિલિસ્ટિંગ થાય ત્યાર પછી તેમાં સોદા નથી પડતાં. ડિલિસ્ટિંગ કરાયેલી કંપનીના શૅર સિક્યોરિટીઝ ઍન્ડ એક્સ્ચેન્જ બોર્ડ ઑફ ઈન્ડિયા (સેબી)ના ડિલિસ્ટિંગ ઑફ શૅર રેગ્યુલેશન ૨૦૦૯ની જોગવાઈ પ્રમાણે ઈન્વેસ્ટર પ્રોટેક્શન ફંડમાં ટ્રાન્સફર થાય છે. ફંડે તેનો હિસાબ રાખવો પડે છે. આવા ફંડમાં જેટલા શૅર ટ્રાન્સફર થયા હોય તો તેના રૂલ ના સબરૂલ ૧૦ પ્રમાણે જે તે શૅરહોલ્ડરના નામ પર થઈ શકે છે. કાયદેસરના વારસદાર સિવાયની કોઈ પણ વ્યક્તિના નામ પર તે શૅરો ટ્રાન્સફર થઈ શકતા નથી.

શૅર અને ડિવિડન્ડ ક્યારે પાછા મળે?

ઈન્વેસ્ટર પ્રોટેક્શન ફંડમાં જેના શૅર અને ડિવિડન્ડ ટ્રાન્સફર થયા હોય તે ફંડના સેક્શન ૧૨૪ એ સેક્શન ૧૨૫ પ્રમાણે અરજી ઓનલાઈન IEPF-5 કરવી પડે છે અને તેના કાયદા પ્રમાણે જેટલા દસ્તાવેજો આપવાના હોય તેટલા દસ્તાવેજો પણ આપવા પડે છે. ત્યાર પછી તે ફંડ દરેકેદરેક અરજીનું અને દસ્વાતેજોની ચકાસણી કરે અને ત્યાર બાદ પે ઍન્ડ એકાઉન્ટ ઑફિસરને તેની મંજૂરી આપે છે અને આનું ફક્ત ઈ-પેમેન્ટ થઈ શકે છે.

ઈન્વેસ્ટર પ્રોટેક્શન ફંડમાં બાપદાદાના નામના ફિઝિકલ શૅર હોય તો તેના વારસદારો શૅર અને ડિવિડન્ડ પાછા મેળવવા માટે અરજી કરી શકે?

આવા સંજોગોમાં જેના બાપદાદાના નામના ફિઝિકલ શૅરો વૅટ અને કોઈ કારણસર ટ્રાન્સફર કે ડિમેટ ન થયા હોય તો તે પ્રોબેટ કે સક્સેશન સર્ટિફિકેટ લઈને સાબિત કરી શકે છે કે જેના નામના શૅર છે તેનો તે કાયદેસરનો વારસદાર છે અને કંપની તેમને તે શૅરો અને ડિવિડન્ટ વૉરન્ટ આપવાને બંધાયેલી છે. તેના માટે દસ્તાવેજ આપવા પડે તે આપ્યા પછી ઈન્વેસ્ટર પ્રોટેક્શન ફંડમાંથી તેના વારસદારોને તે શૅરો અને ડિવિડન્ડ પાછું મળી શકે છે.

# કેળવણી

સ્વામી વિવેકાનંદના કેળવણી અંગેના વિચારો અત્રે પ્રસ્તુત છે.

❋ સૌ કોઈ સંમોહિત જ છે. મુક્તિ મેળવવાનું કાર્ય કે પોતાના સાચા સ્વભાવનો સાક્ષાત્કાર કરવાનું કાર્ય એ સંમોહનથી મુક્ત થવાનું કાર્ય છે.

❋ ઓ સિંહો! તમે ઘેટાં છો એ ભ્રમજાળ ખંખેરીને ઊભા થાઓ. તમે અમર આત્મા છો, તમે સ્વતંત્ર આત્મા છો, તમારા પર આશિષ ઊતરેલા છે, તમે અનંત છો, તમે ભૌતિક પદાર્થો નથી, તમે માત્ર દેહ નથી. ભૌતિક પદાર્થો તો તમારા ગુલામો છે. ભૌતિક પદાર્થોના તમે ગુલામ નથી.

❋ શાશ્વત સુખના વારસદારો - કેવું મધુર અને આશાજનક સંબોધન! ભાઈઓ, મને તમને સહુને એ મધુર નામથી સંબોધવા દો. તમે સહુ પરમાત્માનાં બાળકો છો, શાશ્વત સુખના સહભાગીદાર છો, પવિત્ર અને પૂર્ણ છો. આ પૃથ્વી પરના ઓ દિવ્ય આત્માઓ! તમને પાપી કેમ કહી શકાય? માનવને પાપી કહેવો એ પાપ છે - માનવસ્વભાવ પર એ કાયમી આક્ષેપ છે.

❋ ઊઠો, જાગ્રત થાઓ! આ નિર્બળતાની ભૂરકીને ખંખેરી નાખો. વાસ્તવિક રીતે કોઈ દુર્બળ નથી; આત્મા સનાતન, સર્વશક્તિમાન અને સર્વજ્ઞ છે. માટે ઊભા થાઓ, તમારો હક રજૂ કરો, તમારામાં ઈશ્વર રહેલો છે એવી ઘોષણા કરો, તેને નકારો નહિ! આપણી પ્રજામાં સુસ્તીનો અતિરેક, દુર્બળતાનો અતિરેક, નબળાઈની ભૂરકીનો અતિરેક થઈ ગયો હતો. તમે ભૂરકીને ખંખેરી નાખો.

❋ માત્ર બાહ્ય કે ભૌતિક જ્ઞાનનો અભ્યાસ કરીને માનવ પોતે કંઈ નથી એવું અનુભવવા માંડે છે. એટલે જ માત્ર બાહ્ય સ્વરૂપનો અભ્યાસ માનવને પ્રબળ બનાવતો નથી, પરંતુ માનવનું એક આંતરિક સ્વરૂપ પણ છે અને એ કોઈ પણ ફાટતા જ્વાળામુખી કે પ્રકૃતિના કોઈ નિયમ કરતાં પણ લાખો ગણું વધારે શક્તિશાળી છે અને એ પ્રકૃતિને જીતે છે, પ્રકૃતિના બધા નિયમો પર વિજય મેળવે છે. એ જ માનવને પોતે શું છે એ શીખવી શકે છે.

*- સ્વામિ વિવેકાનંદ - જીવન સંદેશ*

# લગ્નઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

## યુવક

| નં | નામ, જ.તા., ઊંચાઇ, અભ્યાસ, વ્યવસાય | જ્ઞાતિ-મૂળ વતન-હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | દર્શન હેમંતકુમાર શાહ, ૬-૯-૧૯૯૦, ૫'-૧૧''<br>MBA | દશાશ્રીમાળી દેરાવાસી જૈન<br>મ્હેસાણા | (મો) ૯૮૨૪૦૪૯૧૯૭<br>(મો) ૭૯૮૪૮૫૪૧૨૯ |
| ૨) | સૌરભ ભરત મહેતા, ૧૫-૩-૧૯૯૧, ૫-૬'<br>BAF. M.Com. - સર્વિસ + કમિશન | જૈન દેરાવાસી<br>મોરબી - બોરીવલી | (મો) ૯૩૨૩૧૧૪૬૯૫<br>(મો) ૯૭૭૩૩૩૮૬૯૮ |
| ૩) | દેવાંગ એચ. શાહ, ૨૪-૧૨-૧૯૮૨, ૫'-૨''<br>Bcom – | જૈન વિશા. ઓસવાલ દેરાવાસી<br>ગુજરાત - મુંબઈ | (મો) ૯૯૨૦૫૮૭૫૯૮<br>(મો) ૯૮૧૯૨૩૯૬૨૯ |
| ૪) | પ્રણવભાઈ નરેશભાઈ શાહ, ૧૧-૪-૧૯૭૯, ૫-૭'<br>Bcom - સર્વિસ (છુટાછેડા) | દેરાવાસી શ્વે. મૂ.વિ.ઓ.જૈન<br>પાલનપુર-બોરીવલી | (મો) ૯૩૨૦૮૭૪૯૧૧<br>(મો) ૮૨૯૧૩૮૩૮૭૮ |
| ૫) | મયંક રમેશભાઈ શાહ, ૧૫-૮-૧૯૮૮, ૬'-૩''<br>B.E. Engineering (નોંધઃ હાથમાં તકલીફ છે) | વાગડ વિશા ઓસવાલ જૈન દેરા.<br>આધોઈ-કચ્છ | (મો) ૯૭૬૯૨૮૦૮૫૦<br>(મો) - |
| ૬) | વિદિત રાજેશકુમાર શાહ, ૨-૧-૧૯૮૮, ૫'-૧૦''<br>B.Tech., M.B.A. (Insurance)– (છુટાછેડા) | શ્રી વીસાશ્રીમાળી દેરાવાસી જૈન<br>અમદાવાદ | (મો) ૯૪૦૮૨૮૦૮૧૬<br>(મો) ૯૮૭૯૪૦૮૨૮૭ |
| ૭) | નકુલ અશોક સવાણી, ૨૦-૩-૧૯૮૭, ૫-૬'<br>B.M.S. M.Com - સર્વિસ | જૈન દેરાવાસી<br>પંથવાડા - મુંબઈ | (મો) ૯૮૨૦૧૭૫૨૪૮<br>(મો) ૯૮૧૯૩૮૦૦૮૩ |

## યુવતી

| | | | |
|---|---|---|---|
| ૧) | જીનલ અશ્વિનભાઈ શાહ, ૬-૪-૧૯૮૩ ૫'-૩''<br>B.Com, PGDHRM | જૈન દેરાવાસી<br>સુરેન્દ્રનગર - બોરીવલી | (ઘર) -<br>(મો) ૯૦૮૨૩૫૯૬૫૯ |
| ૨) | જલ્પા જયકાન્તભાઈ શાહ, ૨૨-૧-૧૯૮૫ ૫'-૪''<br>બી.કૉમ. - (નિર્દોષ છૂટાછેડા) | ઘોઘારી વીસા શ્રીમાળી જૈન<br>શિહોર – ગોરેગામ | (ઘર) ૯૩૨૩૩૩૪૩૦૭<br>(મો) ૯૮૨૦૦૪૧૦૭૧ |
| ૩) | મૈત્રી શૈલેષ મહેતા, ૨૪-૧-૧૯૮૯, ૫'<br>BBI, Mcom (નિર્દોષ છૂટાછેડા) | ઘોઘારી વીસા શ્રીમાળી જૈના<br>સાવરકુંડલા - ગોરેગાંવ | (મો) ૯૬૬૪૯૪૩૪૩૩<br>(ઘર) - |
| ૪) | ઝંખના ગિરીશભાઈ શાહ, ૨-૧૨-૧૯૮૪, ૫'- ૩''<br>B.Com, C.A. | દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન<br>માંગરોળ - મુલુંડ | (ઘર) ૦૨૨૨૧૬૪૩૯૫૪<br>(મો) ૯૮૬૯૪૮૩૯૫૪ |
| ૫) | ધ્વનિ ભરત શાહ, ૧૪-૫-૧૯૯૦, ૫'-૭''<br>M.Com, Business (નોંધઃ લગ્ન મુંબઈમાં જ કરવા છે) | શ્રી કઠોર જૈન વિશાશ્રીમાળી જ્ઞાતિ<br>કઠોર (સુરત) - ઘાટકોપર (ઈ) | (ઘર) -<br>(મો) ૯૮૬૯૩૧૭૬૨૩ |
| ૬) | પારૂલ કનુભાઈ વોરા ૨૮-૭-૧૯૭૧, ૫'-''<br>M.Com. | વિશા શ્રીમાળી દેરાવાસી જૈન<br>જામનગર - કાંદિવલી | (ઘર) ૯૯૮૭૩૭૫૮૩૧<br>(મો) - |
| ૭) | શિલ્પા કનુભાઈ વોરા, ૧૨-૪-૧૯૬૯, ૪'-૧૧''<br>B.Com. (છુટાછેડા) | વિશાશ્રીમાળી દેરાવાસી જૈન<br>જામનગર - કાંદિવલી | (ઘર) -<br>(મો) ૯૯૮૭૩૭૫૮૩૧ |
| ૮) | મેઘા પરેશ શાહ, ૧૯-૧૦-૮૭, ૫'-૭''<br>B.Com. MBA (Finance) (મંગળ છે) | દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન<br>માંગરોળ - મુલુંડ | (ઘર) ૨૧૬૪૧૨૯૫<br>(મો) ૯૮૨૧૦૪૧૫૨૦ |

# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટને પુલવામાના હુમલામાં શહીદોના પરિવારજનોને આર્થિક સહાયતા કરી શહીદોના દરેક પરિવારોને સાત-સાત લાખની રકમ અર્પણ કર્યાં




જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી, જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડના ચેરમેન શ્રી સંજય બી શાહ, વાઈસ ચેરમેનશ્રી પ્રફુલ્લ કામદાર તથા જૈન જાગૃતિ સેન્ટર કોલકાતાના પ્રમુખશ્રી ભૂપેન્દ્ર કામદાર તથા મંચ પર પધારેલ સર્વ પદાધિકારીઓ









જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી, જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડના ચેરમેન શ્રી સંજય બી. શાહ, વાઈસ ચેરમેનશ્રી પ્રફુલ્લ કામદાર, જૈન જાગૃતિ સેન્ટર કોલકાતાના પ્રમુખશ્રી ભૂપેન્દ્ર કામદાર, પશ્ચિમ બંગાળ રાજ્યના બે તથા આસામ રાજ્યના એક શહીદ પરિવારજનોને સાત-સાત લાખ રૂપિયા આર્થિક સહાયતા પરિવારજનોને કરી હતી

Patrika Chenal Stg. Office, Mumbai-1 to be Published on 15th & Posted on 25-26 Every Month
Price Rs.5-00 JAGRUTI SANDESH RNI No. 66215/96 Regd. No. MCN/296/2019-2021

# જે જે સી જુહુ બીચ

## જે જે સી જુહુ બીચનો એક નમ્ર પ્રયાસ

# Match Making

આજના આધુનિક *Digital Marketing* ના જમાનામાં
ઉત્પન્ન થયેલી વિકટ સમસ્યા એક સરખી વિચારસરણી ધરાવનારા એટલે...

## Perfect Match જીવનસાથીની શોધ



Life Partner

રજીસ્ટ્રેશન સમય : સવારે ૧૧ થી સાંજે ૬-૦૦ સુધી સોમવાર થી શનિવાર (જાહેર રજા - રવિવાર સિવાય)

| | | | |
|---|---|---|---|
| Kirtibhai Shah 93230 41653 | Jayantbhai Shah 99694 88954 | Vinodbhai Kapasi 98204 14472 | Bharatbhai Mehta 98335 15055 |
| Prajeshbhai Shah 98210 23112 | Shreyasbhai Shah 98200 80764 | Pankajbhai Vora 98204 57020 | Jitubhai Kothari 98210 12321 |

## જે જે સી જુહુ બીચ

૨૧૦, ૨જે માળે, એમ. એલ. સ્પેસ બિલ્ડિંગ, મેક ડોનાલ્ડની સામે, ડી. જે. રોડ,
જૈન મંદિરની પાસે, સ્ટેશન રોડ, વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૬

Printed & Published by : SANJAY B. SHAH on behalf of JAIN JAGRUTI CENTRE, Printed at ARIHANT PRINTING PRESS, Plot No. 310, Saibaba Nagar, Behind Trikal Bldg., Pant Nagar, Ghatkopar (East), Mumbai - 400 075 and Published from Jain Jagruti Centre, Central Board Charitable Trust, 201, Mathura Arcade, Subhash Road, Vile Parle (East), Mumbai - 400 057. Editor : CHANDRAKANT F. SHAH

Advt